# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

**Year :** 04, **Issue :** 67, Dt. 16-07-2026 (THURSDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789


## ગુજરાત ઉપર એકસાથે 4 શક્તિશાળી સિસ્ટમ સક્રિય

# સૌરાષ્ટ્રમાં સાત દિવસ ભારે વરસાદની આગાહી



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## અષાઢી બીજે 118 તાલુકામાં વરસાદ : રાજકોટમાં ઝાપટું

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ગુજરાતમાં ચોમાસાના વર્તમાન રાઉન્ડ વચ્ચે હવામાન વિભાગ દ્વારા રાજ્યના નાગરિકો માટે આગામી એક સપ્તાહની મહત્વની આગાહી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગ મુજબ રાજ્યમાં આગામી ૭ દિવસ સુધી સાર્વત્રિક રીતે સામાન્યથી મધ્યમ વરસાદી માહોલ યથાવત રહેશે. આ સમયગાળા દરમિયાન સમગ્ર ગુજરાતમાં ગાજવીજ અને થન્ડરસ્ટોર્મ એક્ટિવિટીની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે, જેને પગલે વહીવટી તંત્રને પણ સાવચેત રહેવા સૂચના અપાઈ છે. હવામાન વિભાગના નીતિવિષયક વિશ્લેષણ અને સેટેલાઇટ ઈમેજ મુજબ હાલમાં દેશ અને રાજ્યના વાતાવરણમાં એકસાથે ચાર શક્તિશાળી વેધર સિસ્ટમ કાર્યરત થઈ છે. રાજ્યમાં હાલમાં લો પ્રેશર સિસ્ટમ, અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને મોન્સૂન ટ્રફ એકસાથે સક્રિય ભૂમિકામાં છે. આ ચાર સિસ્ટમના સંયુક્ત પ્રભાવના કારણે આગામી દિવસોમાં અરબી સમુદ્ર તરફથી ભેજવાળા પવનો ફૂંકાશે અને છૂટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ ચાલુ રહેશે. સ્થાનિક હવામાનની વાત કરીએ તો અમદાવાદ શહેરમાં આજે દિવસ દરમિયાન આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને કેટલાક વિસ્તારોમાં છૂટાછવાયા ઝાપટાં પડવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

## અષાઢી બીજે અંબર ગાજ્યું, ખેતરના દિલમાં ઉગી નવી આશા

# શુભ મુહૂર્તે વાવણી શરૂ

# ખેડૂતોમાં ઉત્સાહ

**» અષાઢી બીજે વરસાદ પડે જેને લોક વાયકા મુજબ શુકનવન્તુ માનવામાં આવે છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**



રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે મેઘરાજાની શાનદાર પધરામણી થતા ખેડૂતોમાં આનંદની લહેર ફરી વળી છે. અષાઢી બીજના શુભ અવસરે વરસેલા વરસાદને લોકવાયકા મુજબ ખૂબ જ શુભ માનવામાં આવે છે, અને આ વર્ષે પણ મેઘરાજાએ આ પરંપરાગત માન્યતાને સાચી ઠેરવી છે.

સવારથી જ વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો અને બાદમાં રાજકોટ સહિત અનેક વિસ્તારોમાં ઝાપટાં વરસતા ધરતી તૃપ્ત થઈ ગઈ. ગરમીથી ત્રસ્ત લોકો માટે આ વરસાદ રાહતરૂપ સાબિત થયો, જ્યારે ખેડૂતો માટે આ વરસાત શુકનવંતુ મુહૂર્ત તરીકે માનવામાં આવે છે.

ખેડૂતોમાં આશા જાગી છે કે આ સારો પ્રારંભ આગળના પાક માટે અનુકૂળ રહેશે. ખાસ કરીને ખેતીના કામકાજ માટે આ વરસાદ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે અષાઢી બીજના દિવસે પડતો વરસાદ પાક માટે સકારાત્મક સંકેત માનવામાં આવે છે.

મેઘરાજાની આ પધરામણી સાથે સૌરાષ્ટ્રમાં ખુશીનો માહોલ છવાઈ ગયો છે અને ખેડૂતો નવા ઉત્સાહ સાથે વાવણીની તૈયારીમાં લાગી ગયા છે.

# 'નયે વરેજી વધાઈયું'

## કચ્છીઓને નવા વર્ષની શુભકામના

**સિટી ન્યૂઝ@ભચાઉ**

કચ્છના રાપરમાં અષાઢી બીજ અને કચ્છી નવા વર્ષ નિમિત્તે દરિયાસ્થાન મંદિરથી ભવ્ય રથયાત્રા નીકળી હતી. વાગડ પંથકમાં વરસાદી પધરામણી થતાં ખુશી છવાઈ છે અને ત્રિકમ સાહેબ વિરડા ખાતે ભવ્ય મેળો યોજાયો છે.

કચ્છીયત અને પ્રાદેશિક સંસ્કૃતિના પ્રતીક સમાન કચ્છી નવા વર્ષ એટલે કે આષાઢી બીજના પાવન અવસરે આજે સરહદી જિલ્લા કચ્છમાં ભક્તિ, ઉલ્લાસ અને પ્રકૃતિનો ત્રિવેણી સંગમ રચાયો હતો. વાગડના મુખ્ય મથક રાપર ખાતે આજે સવારથી જ ઉત્સવનો માહોલ જોવા મળ્યો હતો. અહીંના ઐતિહાસિક દરિયાસ્થાન મંદિર ખાતેથી સવારે પરંપરાગત ઢોલ-નગારા અને ભક્તિસભર માહોલ વચ્ચે ભગવાન જગન્નાથજીની ભવ્ય રથયાત્રાનું પ્રસ્થાન કરાવવામાંવામાં આવ્યું હતું. આ રથયાત્રામાં હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

આ ધાર્મિક મહોત્સવ વચ્ચે કચ્છવાસીઓ માટે સૌથી મોટા ખુશીના સમાચાર કુદરત તરફથી આવ્યા હતા. લાંબા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે મેઘરાજાએ બરાબર રથયાત્રાના મુહૂર્તે જ રાપર અને સમગ્ર વાગડ વિસ્તારમાં ધમાકેદાર પધરામણી કરી હતી.

## ભક્તો અને ભગવાનનું મિલન : રાજકોટ ગુંજી ઉઠ્યું... જય રણછોડ


તસવીરઃ અક્ષય ગોંડલિયા

# આજ મારાં નયણાં સફળ થયા નાથને નીરખી










## ઝરમર વરસાદથી પ્રસરેલી ઠંડકે ભક્તોનો ઉત્સાહ વધાર્યો : આખું રાજકોટ વૃંદાવન બની ગયું



આજે અષાઢી બીજ નિમિતે રાજકોટ શહેરમાં જુદી-જુદી રથયાત્રાઓ યોજાઈ હતી. જેમાં નાનામૌવાથી નીકળેલી રથયાત્રામાં હજારો ભાવિકો જોડાયા હતા. 'જય રણછોડ માખણચોર'નો નાદ ગુંજી ઉઠ્યો હતો. જેમાં રાજવી માંધાતાસિંહનાં હસ્તે પહિંદવિધિ કરાઈ હતી. જ્યારે સાંસદ પુરુષોત્તમ રૂપાલા, મેયર ડો.નેહલ શુક્લ તેમજ ધારાસભ્ય રમેશ ટીલાળા સહિતનાં આગેવાનો હાજર રહ્યા હતા. સવારે ૮.30 વાગ્યે આ રથયાત્રાનું પ્રસ્થાન થયું હતું. જે દિવસભર ૨૨ કિમીના રૂટમાં શહેરના મુખ્ય વિસ્તારોમાં ફરશે અને ભગવાન નગરચર્યા નીકળ્યા છે. આ તકે કૈલાશધામ આશ્રમ જગન્નાથ મંદિરના મહંત ત્યાગી મનમોહનદાસે કહ્યું હતું કે, ભગવાન જગન્નાથની આ રથયાત્રાનાં રથની વિશેષતા છે કે, તેમાં પ્રથમ રથમાં બલભદ્ર, બીજા રથમાં સુભદ્રાજી અને ત્રીજા રથમાં ભગવાન જગન્નનાથ બિરાજમાન થયા છે. જે ભાવિકો મંદિર આવતા નથી તેમને ભગવાન સામે ચાલીને દર્શન આપે છે. ભગવાનના દર્શન માત્રથી લોકોનું જીવન મંગલમય અને સુખમય બની જાય છે. ભગવાન જ્યારે નગરચર્યાએ નીકળે ત્યારે આ રથને સ્પર્શ કરે તે લોકોનું પણ કલ્યાણ થઈ જાય છે. જો રથના દોરડા ખેંચે તેના હાથની અશુભ રેખાઓ શુભ રેખામાં પરિવર્તન પામે છે. રથમાં ભગવાનનું દિવ્ય રૂપ જોવા મળે છે.




# રાજકોટ શહેર કે હથિયારોનું હબ ?





## PI ગોંડલિયા અને PSI જાડેજાની ટીમની દિશાસૂચક કાર્યવાહીથી મસમોટું ઓપરેશન પાર પડાયું

## વેપન કાર્ટેલ ગેંગના વધુ 3 સાગરિથ 3 હથિયાર સાથે ઝડપાયા : MP થી જોડાયેલા સપ્લાય નેટવર્કનો ખૂલાસો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પીસીબી દ્વારા વેપન કાર્ટેલ ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો છે આ ગેંગ દ્વારા વેપન કાર્ટેલ ગેંગના ૫ શખ્સોને ૧૬ હથિયાર સાથે પકડ્યા બાદ આજે વધુ ૩ શખ્સોને ૩ હથિયાર સાથે ઝડપી લીધા છે અત્યાર સુધીમાં પકડાયેલ આરોપીઓની સંખ્યા ૧૧ સુધી પહોંચી ગઈ છે તેમજ પોલીસે કબ્જે કરેલા હથિયારોમાં ૨૪ હથિયાર અને ૩૨ જીવતા કાર્ટીસનો સમાવેશ થાય છે.

રાજકોટ પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાના માર્ગદર્શન હેઠળ પીઆઇ એમ આર ગોંડલીયાની રાહબરીઆં પીએસઆઈ આર કે જાડેજા અને ટીમે બે દિવસ પૂર્વે બાતમી આધારે વેપન કાર્ટેલ ગેંગના મિર્ઝાપુર સૂત્રધાર શકીલ સહીત પાંચ શખ્સોને ૧૬ હથિયાર અને ૩૦ જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા પીસીબીની ટીમે એમપીના મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઇ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ, ૪ મોબાઈલ સહીત ૨ લાખ ૩ હજારનો મુદામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી દરમિયાન આ ગેંગ દ્વારા લોધીકા તાલુકાના વડ વાજડી ગામે રહેતા સંદીપસિંહ પ્રભાતસિંહ પરમારને અગાઉ પકડાયેલા પ્રદીપ કરપડાએ બે હથિયાર આપ્યા હોવાની કબૂલાત આપતા પીસીબીની ટીમે સંદીપસિંહ પરમારને બે દેશી બનાવટની પિસ્ટલ, કાર અને મોબાઈલ સાથે ઝડપી લીધો હતો આ પછી ચોટીલાના પ્રદીપ કરપડાએ જ ગંજીવાડાના આરીફ પઠાણને એક દેશી બનાવટની પિસ્ટલ અને મિર્ઝાપુરના શકીલે રણુજા મંદિર પાસે રહેતા જયપાલને બે હથિયાર આપ્યા હોવાની કબૂલાત આપતા પીસીબીની ટીમે ગંજીવાડામાં રહેતા આરીફ ગફારભાઈ પઠાણને એક દેશી પિસ્ટલ સાથે અને રણુજા મંદિર પાસે વેલનાથપરામાં રહેતા જયપાલ રાજેશભાઈ ડેડાણિયાને ૨ પિસ્ટલ તથા બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા બાદમાં આજે વધુ ૩ શખ્સોને પોલીસે ૩ હથિઆયર સાથે ઝડપી લીધા છે પોલીસે રાજકોટની રાધેશ્યામ સોસાયટીના ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગિરી ગોસ્વામી, ચોટીલાના જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઈ ખાચર અને શ્યામ રાજુભાઈ પરમારની ધરપકડ કરી વધુ ૩ હથિયાર કબ્જે કર્યા છે.




## રાજકોટ ભાજપ સંગઠને વર્ષો પહેલા નામ મોકલ્યું અને સરકારે સમિતિમાં સભ્ય તરીકે નિલેશ દોશીની નિમણૂંક કરી

# રાજકોટમાં 'પોલીસ પ્લેટ'થી દાદાગીરીનો 'ખેલ'!


નિલેશ દોશી

## નિલેશ દોશી રાજકોટ જેલ સલાહકાર સમિતિના સભ્ય તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલ રોગી કલ્યાણ સમિતિના સભ્ય તરીકે જવાબદારી નિભાવે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા એક વીડિયોએ અનેક ચર્ચાઓને જન્મ આપ્યો છે. સોશિયલ મીડિયા પર આરતી માંડલીયા નામથી ઓળખાતી મહિલાએ એક વ્યક્તિ સામે ગંભીર આક્ષેપો કર્યા છે. વીડિયોમાં એક કાર પર પથ્થરમારો થયાની ઘટના બાદ સંબંધિત વ્યક્તિ કાર લઈને સ્થળ પરથી નીકળી જતો હોવાનું જોવા મળે છે. જોકે, આ ઘટનાની તમામ હકીકતો અને આક્ષેપોની સત્તાવાર પુષ્ટિ હજુ સુધી થઈ નથી.

વાયરલ વીડિયો અને વિવિધ સૂત્રોના આધારે સામે આવેલા દાવા મુજબ, સંબંધિત વ્યક્તિનું નામ નિલેશ દોશી હોવાનું કહેવાય છે. તેઓ રાજકોટ જેલ સલાહકાર સમિતિના સભ્ય તેમજ રાજકોટ સિવિલ હોસ્પિટલ રોગી કલ્યાણ સમિતિના સભ્ય તરીકે જવાબદારી નિભાવે છે. જો કોઈ જાહેર હોદ્દા પર રહેલો વ્યક્તિ ખરેખર જાહેરમાં ગેરવર્તન અથવા ન્યૂસન્સ ફેલાવતો હોવાનું સાબિત થાય, તો તે ગંભીર બાબત ગણાય.

આ ઉપરાંત, વાયરલ વીડિયોમાં દેખાતી કાર પર POLICE લખેલી પ્લેટ જોવા મળતી હોવાના દાવાઓ પણ થઈ રહ્યા છે. જો સંબંધિત વ્યક્તિ પોલીસ વિભાગ સાથે સંકળાયેલા ન હોય છતાં પોલીસનો બોર્ડ અથવા ઓળખ દર્શાવતું નિશાન વાપરતા હોય, તો તે અંગે કાયદાકીય જોગવાઈઓ હેઠળ તપાસ થવી જરૂરી બને છે.


આરતી માંડવીયા

### સિટી ન્યૂઝની પડતાલમાં વ્યક્તિનું નામ નિલેશ દોશી હોવાનું બહાર આવ્યું

### નિલેશ દોશી પાસે અનેક કાર્ડ હોવાની શંકા ?

આ સમગ્ર મામલે પીડિત મહિલાએ તાલુકા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હોવાનું સામે આવ્યું છે. હવે સૌની નજર પોલીસની આગામી કાર્યવાહી પર છે. મહિલાના આક્ષેપો, વાયરલ વીડિયો તેમજ કાર પર પોલીસ લખેલી પ્લેટ સહિતના મુદ્દાઓને ધ્યાનમાં રાખી પોલીસ નિષ્પક્ષ તપાસ હાથ ધરી કાયદેસરની કાર્યવાહી કરે છે કે નહીં તે જોવું રહ્યું. જો પ્રાથમિક તપાસમાં કોઈ ગુનો બનતો હોવાનું સામે આવશે તો સંબંધિત વ્યક્તિ સામે કાયદા મુજબ પગલાં લેવામાં આવશે કે કેમ તેના પર પણ સૌની નજર રહેશે.

### યોગા માસ્ટર આરતી માંડવીયાને થયો કડવો અનુભવ : વીડિયો વાયરલ કરી પોલ ખોલી

## રોડ કે રિસ્ક; રાજકોટમાં ઘરની બહાર નીકળવું એટલે જીવ જોખમમાં ?

# રાજકોટ બન્યું ડેથ રોડ સિટી ! દરરોજ 2 મોત; જવાબદાર કોણ ?






### મહિને 50ના જીવ જાય છે તંત્રની બેદરકારી–નબળા ટ્રાફિક નિયંત્રણથી શહેર અકસ્માત ઝોનમાં ફેરવાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં વધતા જતા માર્ગ અકસ્માતો હવે માત્ર આંકડાઓ સુધી સીમિત નથી રહ્યા, પરંતુ એક ગંભીર સામાજિક અને વહીવટી સમસ્યા બની રહ્યા છે. અંદાજે દરરોજ બે લોકોના અકસ્માતમાં મોત થવાની ઘટના શહેર માટે એલાર્મ સમાન છે. દર મહિને સરેરાશ ૬૦ જેટલા લોકો માર્ગ અકસ્માતોમાં જીવ ગુમાવી રહ્યા છે. આંકડો પોતે જ પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે.

આ અકસ્માતોની પાછળ અનેક કારણો જવાબદાર હોવાનું પ્રાથમિક રીતે સામે આવી રહ્યું છે. શહેરમાં બેદરકારીપૂર્વક દોડતા ભારે વાહનો ખાસ કરીને ડમ્પર અને ટ્રક મુખ્ય કારણ તરીકે જોવામાં આવી રહ્યા છે. ઘણીવાર આવા વાહનો ટ્રાફિક નિયમોનું પાલન કરતા નથી, ઓવરસ્પીડિંગ, ખોટી દિશામાં ડ્રાઈવિંગ અને રાત્રે યોગ્ય લાઈટિંગ વગર દોડતા હોવાના બનાવો સામે આવ્યા છે.સાથે સાથે તંત્રની અણઆવડત અને અમલમાં ખામી પણ પ્રશ્નચિહ્ન હેઠળ આવી છે. ટ્રાફિક નિયમોના કડક અમલનો અભાવ, ચેકિંગની ઢીલી વ્યવસ્થા અને ભારે વાહનો પર પૂરતું નિયંત્રણ ન હોવાના કારણે પરિસ્થિતિ વધુ વિકટ બની રહી છે. શહેરના કેટલાક વિસ્તારોમાં "હપ્તા પ્રથા" જેવી ચર્ચાઓ પણ લોકોમાં અવિશ્વાસ વધારતી હોય છે, જેના કારણે કાયદાનું પાલન ન થવાની શંકા મજબૂત બને છે.

આ અકસ્માતો માત્ર આંકડા નથી. દરેક મોત પાછળ એક પરિવારની કરુણ કહાની છુપાયેલી છે. કોઈ પોતાનો લાડકવાયો ગુમાવે છે, તો કોઈ પરિવારનો આધાર તૂટી જાય છે. આથી આ મુદ્દો માત્ર ટ્રાફિકનો નહીં, પરંતુ માનવીય સંવેદનાનો પણ બની ગયો છે.

હવે જરૂરી છે કે તંત્ર તાત્કાલિક અને અસરકારક પગલાં ભરે. ભારે વાહનો માટે અલગ માર્ગોની વ્યવસ્થા, કડક ચેકિંગ, સ્પીડ નિયંત્રણ, CCTV મોનિટરિંગ અને નિયમોના કડક અમલથી જ આ પરિસ્થિતિને કાબૂમાં લઈ શકાય. સાથે સાથે નાગરિકોમાં પણ ટ્રાફિક નિયમો અંગે જાગૃતિ લાવવી એટલી જ જરૂરી છે. જો સમયસર પગલાં નહીં લેવાય, તો રાજકોટમાં અકસ્માતોની સંખ્યા અને મૃત્યુઆંક વધતો જ જશે. હવે સવાલ એક જ છે. શું તંત્ર જાગશે કે હજુ વધુ જાનહાનિ પછી પગલાં લેવામાં આવશે?

# રાજકોટમાં રૂડા ઓફિસ પાસે ટ્રકની ઠોકરે મહિલાનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં ભારે અને કોમર્શિયલ વાહનોની બેફામ ગતિ અવારનવાર નિર્દોષ નાગરિકો માટે કાળ સાબિત થઈ રહી છે. આજે આવી જ એક હૃદયદ્રાવક ઘટના શહેરના ભરચક ગણાતા જામ ટાવર પાસે ઘટી છે. એક ઓવરસ્પીડ કન્સ્ટ્રક્શન ક્શર ટ્રકના ચાલકે ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતીને નેવે મૂકીને રોડ ક્રોસ કરી રહેલી અથવા પસાર થઈ રહેલી એક અજાણી મહિલાને અડફેટે લીધી હતી. ટ્રકની સ્પીડ એટલી વધારે હતી કે મહિલાને બચવાની તક સુદ્ધાં નહોતી મળી. ટ્રકની ટક્કર વાગતા જ મહિલા રોડ પર પછડાઈ હતી અને તેના શરીર પરથી ક્શર ટ્રકનું વ્હીલ ફરી વળ્યું હતું. અકસ્માત એટલો ભયાનક હતો કે ગંભીર ઈજાઓ થવાના કારણે મહિલાનું ઘટનાસ્થળે જ તરફડિયા મારીને મોત નીપજ્યું હતું. આ અકસ્માત થતાં જ આસપાસના વેપારીઓ અને રાહદારીઓમાં ભારે નાસભાગ મચી ગઈ હતી. જોતજોતામાં જામ ટાવર સર્કલ પર સેંકડો લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા અને લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. અકસ્માત બાદ ગુસ્સે ભરાયેલા લોકો કઈ એક્શન લે તે પહેલા જ ચાલક વાહન છોડીને ભીડનો લાભ ઉઠાવી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનીય પોલીસ અને ટ્રાફિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.



**પાણીમાં ઝેર : કણકોટ રોડ અંબિકા ટાઉનશિપ વિસ્તારમાં લોકોએ પીધુ બેક્ટેરિટાયૂક્ત પાણી**

# સાવધાન રાજકોટ

# પાણીના સેમ્પલ ફરી ફેલ



AI IMAGE

**મહાપાલિકા વોટરવર્ક્સ વિભાગે લીધેલા સેમ્પલ પૈકી 3 નાપાસ થયા લોકોએ ગંદુ પાણી ગટગટાવી લીધું**

**રાજકોટમાં છેલ્લા બે મહિનાથી પીવાના પાણીના સેમ્પલ ફેલ થાય છે : રોગચાળો વધવાનું એલર્ટ**

**એપ્રિલ મહિનામાં 13 સેમ્પલ ફેલ થયા હતા**

**જૂન મહિનામાં 8 સેમ્પલ ફેલ થયા**

**જૂલાઈ મહિનામાં 3 સેમ્પલ ફેલ**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં ચોમાસા દરમિયાન ડહોળા પાણીની ફરિયાદો ઉઠતી હોય છે, પરંતુ આ વખતે વરસાદ ખેંચાતા ડેમમાં રહેલ ડેડ વોટર અને લીલના કારણે પાણી ગ્રીન કલરનું આવવાની ફરિયાદો વધી રહી છે, છતાં વોટરવર્કસ વિભાગે સેમ્પલિંગ કાર્યવાહી વધુ સઘન બનાવવા છતાં ટેસ્ટિંગ દરમિયાન ફરી વખત વોર્ડ નંબર ૧૧ના અંબિકા ટાઉનશિપ તથા કણકોટ રોડ સહિતના અનેક વિસ્તારોમાં બેક્ટેરિયાયુક્ત પાણીનું વિતરણ થયાનું મનપાના સત્તાવાર રિપોર્ટમાં દર્શાવવામાં આવ્યું છે.

મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા ગત માસ દરમિયાન વેસ્ટ ઝોન, સેન્ટ્રલ ઝોન અને ઈસ્ટ ઝોનના અલગ અલગ વિસ્તારોમાં કરાતા પાણી વિતરણમાં ક્લોરિન, બેક્ટેરિયા અને કેમિકલની ચકાસણી કરવામાં આવી હતી અને સેમ્પલ લેવામાં આવ્યા હતા. તેમાં વેસ્ટ ઝોનમાં કણકોટ રોડ તથા અંબિકા ટાઉનશિપ સહિતના અમુક એપાર્ટમેન્ટ અને સોસાયટીમાંથી લેવાયેલા ત્રણ પાણીના સેમ્પલમાં બેક્ટેરિયા મળી આવ્યા હતા.

આથી તંત્રએ આ વિસ્તારમાં સપ્લાય થતા પાણીનું સુપર ક્લોરિન કરી ફરી સેમ્પલ લઈ લેબ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જે રિપોર્ટ નોર્મલ આવ્યો હોવાનું અને પાણી શુદ્ધ તથા પીવાલાયક હોવાનું વોટરવર્કસ વિભાગે જણાવ્યું છે. વોટર મેનેજમેન્ટ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા સત્તાવાર આંકડા મુજબ વેસ્ટ ઝોનમાંથી ૩૧૧૪, સેન્ટ્રલ ઝોનમાંથી ૧૪૮૪, સેમ્પલના ક્લોરિન ટેસ્ટ કરવામાં આવ્યા

હતા. આમાંથી એકપણ ઝોનમાં ક્લોરિનનું પ્રમાણ ઓછું જણાયું નથી. આવી જ રીતે, વેસ્ટ ઝોનમાંથી ૧૪૭ તથા સેન્ટ્રલ ઝોનમાંથી ૫૮ અને ઈસ્ટ ઝોનમાંથી ૬૧ સ્થળેથી બેક્ટેરિયોલોજિકલ સેમ્પલ લેવામાં આવ્યા હતા.  જેમાં વેસ્ટ ઝોનમાં ત્રણ સ્થળે નમૂના ફેલ થયા હતા.આવી જ રીતે વેસ્ટ ઝોનમાં ૧૪, સેન્ટ્રલ ઝોનમાં ૦૯ અને ઈસ્ટ ઝોનમાં ૦૬ સ્થળેથી કેમિકલ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આમાંથી એક પણ સ્થળે કેમિકલ સેમ્પલ અનફિટ જાહેર કરાયા નથી.

મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનિટ દ્વારા ૭૨૨૮ રેસિડ્યુઅલ ક્લોરિન, ૨૬૨ બેક્ટેરિયોલોજિકલ અને ૨૯ સ્થળેથી કેમિકલ સેમ્પલ મળીને કુલ ૭૫૧૯ સેમ્પલ લેવામાં આવ્યા છે.

મનપા શહેરમાં વોટરવર્કસ ખાતેથી પાણી વિતરણ કરે છે, પરંતુ જરૂરિયાતની સામે ફિલ્ટર વ્યવસ્થા ઓછી હોવાથી નિયમ મુજબ પાણીનું શુદ્ધિકરણ થતું નથી. પરિણામે બેક્ટેરિયાયુક્ત પાણી વિતરણ થાય છે છતાં ગ્રીન કલરનું પાણી ડેમમાં લીલ હોવાના કારણે કલરયુક્ત લાગે છે, પરંતુ આ પાણી પીવાલાયક છે તે શુદ્ધ થયેલું અને બેક્ટેરિયા મુક્ત હોવાનું તંત્ર જણાવે છે.

## રાજકોટમાં પાણી ચોરીના વધતા બનાવોથી મહાપાલિકાની લાલ આંખ

# પાણી ચોરો સામે હવે FIR

## જવાબદાર વાલ્વમેનથી લઈ અધિકારી કર્મચારી સામે કડક પગલા લેવાશે: ચેકિંગમાં બેદરકારી સામે આવે તો કાર્યવાહી થશે


AI IMAGE

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટવાસીઓના હકનું પાણી બબાર્દ કરનારા તત્વો સામે મહાપાલિકા લાલઆંખ કરી રહી છે. હાઈરાઈઝ્ડ બિલ્ડિંગો અને સોસાયટીઓમાં થતી બેફામ પાણી ચોરી રોકવા માટે હવે માત્ર દંડ જ નહીં, પરંતુ જવાબદાર વાલ્વમેનથી લઈ કર્મચારીઓ અને અધિકારીઓ સામે પણ પોલીસ ફરિયાદ દાખલ કરાશે. પ્રજાના ટેક્સના પૈસા અને પીવાના પાણીના ટીપે-ટીપાનો હિસાબ રાખવા માટે તંત્રએ ઓચિંતું ચેકિંગ હાથ ધરવા માટેની તૈયારીઓ પણ કરી લીધી છે. દરમિયાન જે કોઈની બેદરકારી સામે આવશે તેને માત્ર દંડ ફટકારી છોડી દેવાને બદલે હવે પોલીસ ફરિયાદ કરવામાં આવનાર હોવાનું સિટી ઈજનેર કુંતેશ મહેતાએ જણાવ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ શહેરના વેસ્ટઝોન વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી હાઈરાઈઝ્ડ બિલ્ડિંગો અને મોટી સોસાયટીઓ દ્વારા પ્રજાના હકના પીવાના પાણીની બેફામ ચોરી કરવામાં આવતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી રહી હતી. સામાન્ય નાગરિકોને પૂરતું પાણી મેળવવા માટે સંઘર્ષ કરવો પડતો હોય છે, ત્યારે બીજી તરફ પોશ વિસ્તારોમાં નિયત કરાયેલા જથ્થા ઉપરાંત ગેરકાયદે રીતે પાણી ખેંચી લેવામાં આવતું હતું. આ બાબતને ધ્યાને રાખીને રાજકોટ મહાનગરપાલિકા તંત્ર દ્વારા પ્રાથમિક તબક્કે પાણી ચોરી ઝડપાયા બાદ ૪ જગ્યાએ રૂ. ૧,૦૦,૦૦૦નો આકરો દંડ ફટકારવામાં આવ્યો હતો.

પરંતુ તંત્રની તપાસ અહીં જ અટકી નથી. વાલ્વની નકલી ચાવીઓ બનાવીને થતી આ પાણીચોરીમાં માત્ર બહારના લોકો નહીં, પરંતુ મહાપાલિકાના પોતાના કર્મચારીઓ, વાલ્વમેન અને અધિકારીઓની પણ મિલીભગત અથવા સંડોવણી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સામાન્ય જનતાને હાલાકી ભોગવવી પડે અને કેટલાક લોકો પાણીની ઉઠાંતરી કરી જાય તે હવે સહન કરવામાં નહીં આવે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યા છે કે જો હવે ક્યાંય પણ પાણી ચોરી પકડાશે, તો માત્ર દંડ વસૂલીને મામલો રફા-દફા કરવામાં નહીં આવે, પરંતુ વાલ્વમેનથી માંડીને સંબંધિત કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સામે પણ સીધી પોલીસ ફરિયાદનું શસ્ત્ર ઉગામવામાં આવશે.

રાજકોટમાં જ્યાં સૌથી વધુ ૧૦ માળથી માંડીને ૨૨ માળ સુધીના હાઈરાઈઝ્ડ બિલ્ડિંગો અને વૈભવી સોસાયટીઓ આવેલી છે, તેવા વેસ્ટઝોન વિસ્તારમાં મહાપાલિકાની ચેકિંગ સ્ક્વોડ દ્વારા એક મોટું સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. વેસ્ટઝોનના ઈન્ચાર્જ સિટી ઈજનેર કુંતેશ મહેતાની સીધી રાહબરી હેઠળ અલગ-અલગ ટીમો બનાવીને આ વિસ્તારમાં ઓચિંતું ચેકિંગ કરવામાં આવ્યું હતું. પ્રજાના પાણીના વપરાશની દેખરેખ માટે જે સમ્પ પર વોટર મીટર લગાવવામાં આવ્યા છે, તેની ચકાસણી દરમિયાન ચોંકાવનારો ખુલાસો થયો હતો. તપાસ દરમિયાન કુલ ૧૧૦૦ સ્થળોએ સમ્પના મીટર બંધ હાલતમાં અથવા તો જાણીજોઈને નિષ્ક્રિય કરી દેવાયેલા જોવા મળ્યા હતા.

### હવે માત્ર દંડ નહીં, સીધી પોલીસ કાર્યવાહી

રાજકોટ મહાનગરપાલિકાએ પાણી ચોરી સામે કડક વલણ અપનાવ્યું છે. હવે ગેરકાયદે પાણીનો ઉપયોગ પકડાશે તો માત્ર આર્થિક દંડથી મામલો નહીં પતાવાય, પરંતુ સંડોવાયેલા વાલ્વમેન, કર્મચારીઓ અને અધિકારીઓ સામે પણ પોલીસ ફરિયાદ નોંધાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.


### 1100 વોટર મીટર બંધ મળતાં તંત્ર ચોંક્યું

વેસ્ટ ઝોનમાં થયેલા સઘન ચેકિંગ દરમિયાન ૧૧૦૦થી વધુ બિલ્ડિંગો અને સોસાયટીઓમાં વોટર મીટર બંધ અથવા નિષ્ક્રિય હાલતમાં મળી આવ્યા હતા. તપાસ દરમિયાન નકલી વાલ્વ ચાવીઓ પણ મળી આવતા મનપાએ સંબંધિત સંચાલકોને નોટિસ ફટકારી છે અને સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી છે.

### પાણીના દરેક ટીપાંનો હિસાબ રાખવા નવી કવાયત

શહેરમાં વધતી વસ્તી અને પાણીની માંગને ધ્યાનમાં રાખીને મનપા હવે પાણી વિતરણ વ્યવસ્થાને વધુ પારદર્શક અને જવાબદાર બનાવવાના પ્રયાસમાં છે. નિયમિત મીટર ચેકિંગ, ઓચિંતી તપાસ અને જવાબદારી નક્કી કરવાની પ્રક્રિયા દ્વારા પાણી ચોરી અટકાવી દરેક નાગરિક સુધી સમાન પ્રમાણમાં પીવાનું પાણી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.





### ઊંચી મંડલ ગામનો બનાવ : શરમજનક કૃત્ય સામે લોકોમાં આક્રોશ

# નફ્ફટ યુવાનનું જાહેરમાં ગાય સાથે સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય

# વિકૃતિની હદ પાર

## પોલીસે હવસખોર વિકૃત શખ્સ વિરૂધ્ધ ગૂનો દાખલ કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાતમાં પશુઓ પ્રત્યે ક્રૂરતા અને વિકૃત માનસિકતા દર્શાવતો એક ચોંકાવનારો અને કળિયુગને પણ શરમાવે તેવો કિસ્સો મોરબી તાલુકામાંથી સામે આવ્યો છે. અહીંના ઊંચી માંડલ ગામ નજીક જાહેરમાં ગાય માતા સાથે અશ્લીલ અને સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય (સંભોગ) કરવાનો પ્રયાસ કરનારા એક વિકૃત શખ્સ વિરૂદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, મોરબીના સામાકાંઠે આવેલી મહેન્દ્રનગર પ્રભુકૃપા ટાઉનશિપમાં



રહેતા સંદીપભાઈ રમેશભાઈ પારેજીયાએ આ મામલે કાયદેસરની ફરિયાદ નોંધાવી છે. તેમણે મૂળ રાજસ્થાનના વતની એવા આરોપી કૈલાસ દોલારામ ગામેતી વિરુદ્ધ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, મોરબીના ઉંચી માંડલ ગામ પાસે આવેલી બાપા સિતારામ હોટલ નજીક આરોપી કૈલાસ ગામેતીએ એક ગાયનું પૂંછડું પકડીને તેને જોરથી મરડી નાખ્યું હતું. ગાયને અસહ્ય પીડા થાય તે રીતે તેને ખેંચીને બાજુમાં આવેલા એક ઊંચા ઓટલા પાસે લઈ ગયો હતો. ત્યારબાદ આ વિકૃત શખ્સે ઓટલા ઉપર ચડીને જાહેરમાં ગાય સાથે સંભોગ કરવાની કોશિશ કરી હતી અને સૃષ્ટિ વિરૂદ્ધનું અશ્લીલ કૃત્ય આચર્યું હતું.

જાહેરમાં પશુ પ્રત્યે આવી ક્રૂરતા અને વિકૃતિ દાખવનાર આરોપી સામે સંદીપભાઈએ હિંમત દાખવી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ગંભીર મામલાને ધ્યાને લઈ આરોપી વિરૂદ્ધ સંબંધિત કલમો હેઠળ ગુન્હો નોંધી તેની અટકાયત કરવા તેમજ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.






**બેદરકારીની હદ** જીવન બચાવતી એમ્બ્યુલન્સ બની દારૂ પીવાનું ઠેકાણું

# સિવિલ હોસ્પિટલમાં 'દારૂબાર'!

## એક વાર નહીં ચાર થી પાંચ વાર એમ્બ્યુલન્સમાં દારૂ પાર્ટીના કાંડ બહાર આવ્યા છે છતાં કોઈ કડક પગલા કેમ ના લેવાણા?






## શું હોસ્પિટલનો સ્ટાફ જ દારૂ પાર્ટી કરે છે કે બહારના આવારા તત્વો ?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરની સૌથી મહત્વની આરોગ્ય સંસ્થા ગણાતી સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. હોસ્પિટલના પરિસરમાં પાર્ક કરાયેલી એક એમ્બ્યુલન્સ/વાનમાંથી ખાલી દારૂની બોટલો મળી આવતાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાએ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થા અને વહીવટી બેદરકારીને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

મળતી માહિતી મુજબ, હોસ્પિટલના પાર્કિંગ વિસ્તારમાં ઊભેલી એમ્બ્યુલન્સની અંદરથી ખાલી દારૂની બોટલો તેમજ અન્ય વપરાયેલી વસ્તુઓ મળી આવી હતી. સામાન્ય રીતે દર્દીઓને જીવનરક્ષક સેવા આપવા માટે વપરાતી એમ્બ્યુલન્સમાં આવી વસ્તુઓ મળવી એ અત્યંત ચોંકાવનારી બાબત છે. આ ઘટનાને કારણે હોસ્પિટલમાં આવનારા દર્દીઓ અને તેમના સગાસંબંધીઓમાં પણ રોષ અને ચિંતા ફેલાઈ છે.

પ્રાથમિક તપાસ બાદ તંત્ર હરકતમાં આવ્યું છે અને સમગ્ર મામલે સત્તાવાર તપાસ શરૂ કરવામાં આવી છે. હાલ સુધી સ્પષ્ટ થયું નથી કે આ દારૂની બોટલો એમ્બ્યુલન્સમાં કોણે મૂકી અને કઈ પરિસ્થિતિમાં આવી ઘટના બની. જો કે, આ મામલો બહાર આવતા જ હોસ્પિટલની સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા પર સવાલો ઊભા થયા છે.

અધિકારીઓએ જણાવ્યું છે કે તપાસ પૂર્ણ થયા બાદ જ હકીકત સામે આવશે અને જવાબદાર વ્યક્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. હોસ્પિટલ તંત્ર દ્વારા પણ ખાતરી આપવામાં આવી છે કે ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે જરૂરી પગલાં લેવામાં આવશે.


આ સમગ્ર ઘટનાએ એક વખત ફરી યાદ અપાવ્યું છે કે આરોગ્ય જેવી સંવેદનશીલ સેવાઓમાં બેદરકારી માટે કોઈ સ્થાન હોવું જોઈએ નહીં. હવે સૌની નજર તપાસના પરિણામ પર છે જવાબદાર કોણ અને કાર્યવાહી કેટલી કડક થશે તે જ મહત્વનું બન્યું છે.




હરિધવા માર્ગો પર નવનીત હોલ પાસેની ઘટના

# રાજકોટમાં થાર ચાલકનો આતંકઃ વીજ થાંભલો ઉખેડ્યો, ત્રણ કારને નુકસાન









## તે વિસ્તારમાં લાઈટ ગૂલ થઈ જતાં ફાયર બ્રિગેડ અને PGVCLની સંયુક્ત કામગીરી શરૂ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં બેફામ ડ્રાઈવિંગનો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના હરિધવા માર્ગ પર નવનીત હોલ નજીક થાર કાર ચાલકે નિયંત્રણ ગુમાવતા કાર સીધી વીજ થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો જોરદાર હતો કે થાંભલો નુકસાનગ્રસ્ત બન્યો અને આસપાસ પાર્ક કરેલી ત્રણ કારને પણ ભારે નુકસાન પહોંચ્યું.અકસ્માત બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી અને લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા.

સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ વાહનોને મોટાપાયે નુકસાન થયું છે.ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ અને PGVCLની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને વીજ પુરવઠા તથા સુરક્ષાને ધ્યાનમાં રાખીને જરૂરી કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ બનાવ ફરી એકવાર શહેરમાં બેફામ ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન પર પ્રશ્નચિહ્ન ઊભું કરે છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

## રાજકોટમાં એક જ દિવસમાં 750 કાર અને 1500 ટુ-વ્હિલર વેંચાયા

# અષાઢી વરસાદે વેપારીઓ ઉપર વરસાવી 125 કરોડની બીજ !




## મોટાભાગના ખરીદદારોએ વાહનોની ડિલિવરી અષાઢી બીજે મળી જાય તે માટે અગાઉથી જ બુકિંગ કરાવ્યું'તું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

હિન્દુ શાસ્ત્રોમાં અષાઢી બીજને વણજોયું મુહૂર્ત ગણવામાં આવે છે. રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૬ ની અષાઢી બીજના દિવસે રૂ. ૧૨૫ કરોડથી વધુના ફોર વ્હિલર અને ટુ-વ્હિલર વાહનો વેચાયા હતા. જેમાં અંદાજે ૧૫૦૦ ટુ-વ્હિલ* અને ૭૫૦ ફોર વ્હિલરનો સમાવેશ થાય છે. લાંબા સમયથી બજારમાં ચાલી રહેલી વધઘટ બાદ હવે શેરબજારમાં જબરદસ્ત ઉછાળો અને અર્થતંત્રમાં સ્થિરતા આવતા વેપારીઓના ચહેરા પર અષાઢી બીજના દિવસે રોનક આવી ગઈ હતી.હાલ રાજકોટ શહેરમાં ફોર વ્હિલ વેચતા ૨૨ જેટલા શો-રૂમ અને ટુ-વ્હિલર વેચતા ૨૫ થી વધુ શો-રૂમ કાર્યરત છે. રાજકોટના શહેરીજનો અષાઢી બીજે વાહન છોડાવવાનું ખૂબ જ શુભ માનતા હોવાથી, અગાઉથી જ મોટાપાયે વાહનોના બુકિંગ થયા હતા. તેમાં પણ ખાસ કરીને રૂ. ૮ લાખથી ૪૦ લાખ સુધીની કિંમતની કારના મોટાપાયે બુકિંગ થયા હતા. આન ઓટોના માલિક શ્યામભાઈ રાયચુરાએ જણાવ્યું હતું કે, આ વર્ષે ૨૦૨૬ નો અષાઢી બીજનો દિવસ ગત વર્ષ ૨૦૨૫ કરતા ઓટોમોબાઇલના વેપારીઓ માટે વધુ ફાયદાકારક રહ્યો છે.રાજકોટ શહેરમાં એક જ દિવસમાં રૂ. ૧૫ કરોડથી વધુના ૧૫૦૦ ટુ - વ્હિલ વેંચાયા હતા. અંદાજે રૂ.૧૦૫ થી ૧૧૦ કરોડની કિંમતની લગભગ ૭૫૦ જેટલી ફોર વ્હિલ કાર વેંચાઈ છે.જેમાં ટાટા, મારૂતિ, હ્યુન્ડાઈ, મહિન્દ્રા, કિયા, એમજી, ઓડી, મર્સિડિઝ, બીએમડબલ્યુ, લેન્ડ રોવર, ટોયોટા, સ્કોડા સહિતની કારોનો સમાવેશ થાય છે (ખાસ કરીને ઈલેક્ટ્રિક વાહનોની ડિમાન્ડમાં પણ સારો એવો વધારો જોવા મળ્યો છે). મોટાભાગના ખરીદારોએ અગાઉથી જ બુકિંગ કરાવ્યું હતું જેથી આરટીઓની નોંધણી અને ટેક્સ ભરવાની પ્રક્રિયા પૂરી થઈ જાય અને આજે અષાઢી બીજે તેઓ કાર ચલાવીને સીધા ઘરે જઈ શકે.



## કાર પર રૂ.30 હજારથી 1.5 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ

ઓટોમોબાઈલ્સ બજારમાં ગ્રાહકોને આકર્ષવા અને બજારની હરીફાઈને પહોંચી વળવા અલગ-અલગ કંપનીઓ દ્વારા *રૂ. ૩૦,૦૦૦ થી લઈને રૂ. ૧.૫ લાખ સુધીના શાનદાર ડિસ્કાઉન્ટની ઓફર કરવામાં આવી હતી. ગ્રાહકોએ પણ આ સ્કીમ્સનો ભરપૂર લાભ લઈ પોતાની મનપસંદ કાર ખરીદી હતી.

## રૂ.50 લાખથી વધુની કિંમતની લકઝરી કારના વેચાણમાં શાનદાર રિકવરી

રાજકોટમાં ઓડી કારના શો-રૂમ ધરાવતા રૂપિત પટેલે જણાવ્યું હતું કે, ગત વર્ષે (૨૦૨૫ માં) હળવી મંદીની અસરને કારણે પ્રીમિયમ કારનું વેચાણ ઘટ્યું હતું અને આશરે ૧૦ જેટલી કાર વેચાઈ હતી. પરંતુ આ વર્ષે ૨૦૨૬ માં બજારની સ્થિતિ સુધરતા ઓડી, બીએમડબલ્યુ, મર્સીડીઝ અને લેન્ડ રોવર કંપનીની કુલ ૧૫થી વધુ કારનું વેચાણ થયું છે, જે ગત વર્ષ કરતા ઘણું સારું છે.

### યુ ટ્યૂબ, રીલ્સ અને પોડકાસ્ટ કોન્ટેન્ટ ક્રિએશન રાજકોટમાં પણ ફૂલ-ટાઈમ બિઝનેસ મોડલ બન્યા


# રાજકોટમાં કન્ટેન્ટ ક્રિએશનનો બિઝનેસ 60 કરોડને પાર



## 55% પાર્ટ-ટાઈમ કોન્ટેન્ટ ક્રિએટર્સ માર્કેટમાં એક્ટિવ, ફૂડ, ઈમિટેશન જ્વેલરી અને કોમેડી ક્ષેત્રે તેઓ જ લીડ કરે છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આપણું રંગીલું રાજકોટ પણ હવે ડિજિટલ મેપ પર એક નવી અને આધુનિક ઓળખ બનાવી રહ્યું છે. માત્ર ઉદ્યોગો જ નહીં, ડિજિટલ કોન્ટેન્ટ ક્રિએશન અહીં એક મજબૂત બિઝનેસ મોડલ બન્યું છે. સૌરાષ્ટ્રના હબ ગણાતા રાજકોટની ક્રિએટર ઈકોનોમીમાં છેલ્લાં ત્રણ વર્ષમાં જબરદસ્ત ગ્રોથ નોંધાયો છે. માર્કેટ ટ્રેન્ડ્સના મતે, રાજકોટનું આ માર્કેટ ૨૦૨૩ના અંદાજિત ૨૫ કરોડથી વધીને ચાલુ વર્ષે (૨૦૨૬માં) ૬૦ કરોડ અને આગામી એક દાયકામાં ૨૫૦ કરોડને પાર કરી જશે તેવી શક્યતા છે. શહેરમાં હજારો એક્ટિવ ઈન્ફ્લુએન્સર્સ છે, જેમાં મોટો હિસ્સો (લગભગ ૫૫%) કોલેજના વિદ્યાર્થીઓ કે પારિવારિક બિઝનેસ સાથે જોડાયેલા પાર્ટ-ટાઈમ ક્રિએટર્સનો છે. બ્રાન્ડ્સ પણ હવે સૌરાષ્ટ્રના લોકલ કનેક્ટ (ખાસ કરીને કાઠિયાવાડી બોલી) ધરાવતા માઈક્રો-ક્રિએટર્સ સાથે કોલોબ્રેશન કરી રહી છે. આગામી સમયમાં સ્થાનિક ફૂડ ઈન્ડસ્ટ્રી, ઈમિટેશન જ્વેલરી, એજ્યુકેશન, હેલ્થ-વેલનેસ અને સૌરાષ્ટ્રના પ્રવાસન ક્ષેત્રોમાં ક્રિએટર્સ માટે અપાર તકો હશે. આ સેક્ટર આગામી દાયકામાં ૩ થી ૪ ગણો ગ્રોથ કરશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સના ટ્રેન્ડ્સ અને લોકલ માર્કેટિંગ એજન્સીઓના અનુભવના આધારે વર્તમાન માર્કેટની સ્થિતિ અને ભવિષ્યના વિકાસના અંદાજ મળે છે.ડિજિટલ માર્કેટિંગ એક્સપર્ટ્સના અનુસાર, યોગ્ય ક્રિએટરની પસંદગી, ટાર્ગેટ ઓડિયન્સની ચોક્કસ ઓળખ અને કાઠિયાવાડી ટચ સાથે કેમ્પેઈન પ્લાનિંગ દ્વારા યોગ્ય પરિણામો પ્રાપ્ત થાય છે. જ્યારે ઈન્ફ્લુએન્સર માર્કેટિંગને લોકલ ફેસ્ટિવલ ઓફર્સ, યોગ્ય ટાર્ગેટિંગ અને સ્ટ્રેટેજિક ઓડિયન્સ ફિલ્ટરેશન સાથે જોડવામાં આવે છે, ત્યારે વેચાણમાં સામાન્ય રીતે ૨ થી ૩ ગણો વધારો જોવા મળે છે. ખાસ કરીને નવા કાફે, રેસ્ટોરન્ટ, કપડાંના શોરૂમના લોન્ચિંગ અને બ્રાન્ડ અવેરનેસ સાથે જોડાયેલા સેલ્સમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાય છે. માઈક્રો ક્રિએટર્સ (જેમના ૧૦k થી ૫૦k ફોલોઅર્સ હોય) સૌથી વધુ અસરકારક સાબિત થાય છે.રાજકોટના સ્થાનિક બિઝનેસ જેમ કે ઈમિટેશન જ્વેલરી ઉત્પાદકો, સાડી અને ટ્રેડિશનલ વેરના શોરૂમ્સ, ફૂડ અને કાફે ઈન્ડસ્ટ્રી, તથા રિયલ એસ્ટેટ ડેવલપર્સ હવે પરંપરાગત અખબારી જાહેરાતોની જગ્યાએ ઈન્ફ્લુએન્સર્સ સાથે વધુ કોલોબ્રેશન કરી રહ્યા છે.




યુ ટ્યૂબ-રીલ્સનો જાદુઃ શહેરમાં યુવાનો ડિજિટલથી કમાઈ રહ્યા છે લાખો રૂપિયા

### ઈકોનોમી (વર્ષ મુજબ - ટ્રેન્ડ આધારિત અંદાજ)

| વર્ષ | ઈકોનોમી(અંદાજિત) |
|---|---|
| 2023 | ₹25 કરોડ |
| 2024 | ₹35 કરોડ |
| 2025 | ₹45 કરોડ |
| 2026 | ₹60 કરોડ |

(આ આંકડા રાજકોટના ડિજિટલ માર્કેટના વલણો પર આધારિત છે.)

### વીડિયો કન્ટેન્ટઃ ઓડિયન્સની પ્રથમ પસંદ

| | | |
|---|---|---|
| 60% | 25% | 15% |
| વિડિયો કન્ટેન્ટ (ઈન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યુબ શોર્ટ્સ) | ઓડિયો અને ગ્રાફિક્સ (પોડકાસ્ટ/ઈમેજ) | ટેક્સ્ટ આધારિત કન્ટેન્ટ |

### ડેટા ટ્રેન્ડ્સ મુજબ રાજકોટના ક્રિએટર્સ માર્કેટ ઈનસાઈટ આ મુજબ છે

**10%** ફૂલ-ટાઈમ ક્રિએટર્સઃ જેઓ સંપૂર્ણપણે આને જ પોતાની મુખ્ય આજીવિકા માને છે.

**35%** નિશ્ચિત ક્ષેત્રના ક્રિએટર્સઃ જેઓ માત્ર ફૂડ, ટેક કે કોમેડી જેવા ચોક્કસ વિષયો પર જ કન્ટેન્ટ બનાવે છે.

**55%** પાર્ટ-ટાઈમ ક્રિએટર્સઃ જેઓ પોતાના પારિવારિક બિઝનેસ, નોકરી કે અભ્યાસ સાથે આ ક્ષેત્રમાં સક્રિય છે.

### કયાં ક્ષેત્રો સૌથી વધુ એક્ટિવ છે?

ફૂડ અને રેસ્ટોરન્ટ્સ (કાઠિયાવાડી ફૂડ બ્લોગિંગ)
**25%**

ફેશન, ઈમિટેશન જ્વેલરી અને લાઈફસ્ટાઈલ
**20%**

કોમેડી અને લોક-સાહિત્ય (એન્ટરટેઈનમેન્ટ)
**18%**

બ્યુટી અને સ્કિનકેર
**12%**

## નગરચર્ચામાં નિકળેલા પ્રભુ પણ ચોંક્યા, આ શું શહેરની હાલત ?

# હે જગન્નાથ ! રાજકોટ રડે છે, નેતાઓ-તંત્રને સદબુદ્ધિ, પ્રજાને રાહત આપો !

**ટ્રાફિકજામ, ગંદકી, શુધ્ધ પીવાના પાણીનો અભાવ, ક્રાઈમરેટમાં વધારો : પ્રજાએ ભગવાન સમક્ષ કરી સીધી ફરિયાદ**




## પ્રભુએ જોયું શહેરનું સત્ય

**રાજકોટિયન્સ પ્રાર્થના કરી હૈ જગન્નાથ આવતા વર્ષે જ્યારે તમે ફરી નગર યાત્રા પર આવો ત્યારે અમે તમને ફરિયાદો નહીં પરંતુ આભાર વ્યક્ત કરી શકીએ, શહેરમાં સ્વચ્છતા, સગવડો, સુરક્ષા અને સમાન વિકાસ જોવા મળે**

અષાઢ માસના પવિત્ર પ્રારંભ સાથે ભગવાન જગન્નાથની નગરયાત્રા રાજકોટના માર્ગો પર ભક્તિનો રંગ છાંટે છે. દર વર્ષે જેમ પ્રભુ જગન્નાથ, ભાઈ બળભદ્ર અને બહેન સુભદ્રા રથમાં બીરાજમાન થઈને નગરવિહાર કરે છે, તેમ આ વર્ષે પણ લાખો ભક્તોના જયઘોષ વચ્ચે યાત્રા ભવ્ય રીતે નીકળી. પરંતુ આ ભક્તિ અને આનંદની વચ્ચે શહેરની વાસ્તવિક સ્થિતિએ અનેક પ્રશ્નો ઊભા કર્યા છે.

રથયાત્રા જ્યાંથી પસાર થઈ, ત્યાં માત્ર ભક્તિનો જ નહીં પરંતુ શહેરના તંત્રનો અરીસો પણ દેખાયો. ચારે બાજુ ટ્રાફિકજામ, ગંદકી, અપૂર્ણ સુવિધાઓ અને આરોગ્ય વ્યવસ્થાની બેહાલ સ્થિતિ આ બધું જાણે શહેરની હાલતને ખુલ્લેઆમ રજૂ કરી રહ્યું હતું. એવું લાગતું હતું કે પ્રભુ પોતે પણ આ દ્રશ્યો જોઈ વિચારતા હશે કે રાજકોટના નાગરિકો કઈ પરિસ્થિતિમાં જીવન જીવવા મજબૂર છે.

એક સમય હતો જ્યારે રાજકોટ ચોખ્ખાઈ અને શુદ્ધ પીવાના પાણી માટે ઓળખાતું હતું. આજે તે જ શહેરમાં પાણીના નમૂનાઓ નિષ્ફળ સાબિત થઈ રહ્યા છે, અને લોકો સુધી સ્વચ્છ પાણી પહોંચાડવામાં તંત્ર નિષ્ફળ રહ્યું છે. પાણી જેવી મૂળભૂત જરૂરિયાતમાં ખામી લોકોના આરોગ્ય માટે ગંભીર ખતરો ઊભો કરે છે.

માત્ર એટલું જ નહીં, શહેરમાં ક્રાઈમનો દર વધતો જાય છે, અને વિકાસના નામે ઘણી બાબતો કાગળ પર જ સીમિત રહી ગઈ છે. વરસાદ પડે એટલે શહેર જળબંબાકાર થઈ જાય છે, જે ડ્રેનેજ અને આયોજનની ખામી દર્શાવે છે. દબાણો અને અનિયંત્રિત વિકાસ શહેરના સંતુલનને બગાડી રહ્યા છે.




લોકોને રોજિંદા જીવનમાં મૂળભૂત સુવિધાઓ માટે સંઘર્ષ કરવો પડે છે. ક્યાંક પૂરતું પાણી મળતું નથી, તો ક્યાંક અસમાનતા જોવા મળે છે. આ પરિસ્થિતિ એ બતાવે છે કે વ્યવસ્થામાં સુધારાની તાત્કાલિક જરૂર છે. આવા સમયમાં, જ્યારે પ્રભુ વર્ષમાં એકવાર શહેરમાં પધારે છે, ત્યારે લોકોની લાગણીઓ અને ફરિયાદો જાણે સીધા તેમને સંભળાવવાની ઈચ્છા થાય છે. કારણ કે જ્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુધી અવાજ પહોંચી શકતો નથી, ત્યારે ઈશ્વર જ અંતિમ આશા બને છે.

રાજકોટના નાગરિકો આજે પ્રાર્થના કરે છે "હે જગન્નાથ, આવતા વર્ષે જ્યારે તમે ફરી નગરયાત્રા પર આવો, ત્યારે અમે તમને ફરિયાદો નહીં પરંતુ આભાર વ્યક્ત કરી શકીએ. શહેરમાં સ્વચ્છતા, સગવડો, સુરક્ષા અને સમાન વિકાસ જોવા મળે. નેતાઓને સદબુદ્ધિ મળે અને તંત્ર જવાબદારીપૂર્વક કામ કરે."

આ લેખ માત્ર ફરિયાદ નથી, પરંતુ એક આશા છે--- કે ભક્તિ સાથે બદલાવ પણ આવે. રાજકોટ ફરી એ સ્થાન પર પહોંચે જ્યાં વિકાસ અને વ્યવસ્થા બંનેનો ડંકો વાગે.

જય જગન્નાથ!

## હવે લગ્ન ગુજરાતમાં; વેડિંગ + ટ્રાવેલ + એક્સપિરિયન્સ માટે પેકેજ તૈયાર કરાશે

# ગુજરાતમાં ડેસ્ટિનેશન વેડિંગ હબ માટે 10 મેગા લોકેશન ફાઈનલ !




## બીચ, ડેઝર્ટ, ડેરિટેજ, નેચર અને સ્પિરિચ્યુઅલ વેડિંગ માટે રાજ્યના 10 સંભવિત સ્થળ પર એસેસમેન્ટ કરાશે

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

'કુછ દિન તો ગુઝારિયે ગુજરાત મેં...' પછી હવે ગુજરાત ટૂરિઝમ રાજ્યને ડેસ્ટિનેશન વેડિંગ હબ તરીકે વિકસાવવાની તૈયારીમાં છે. આ માટે રાજ્યના ૧૦ સંભવિત સ્થળની પસંદગી કરવામાં આવી છે, જ્યાં આગામી ૩થી ૬ મહિનામાં રિસર્ચ અને રેડિનેસ એસેસમેન્ટ રિપોર્ટ તૈયાર કરાશે. આ પ્રોસેસમાં સ્થળની પસંદગી પહેલાં હોસ્પિટલ, સુરક્ષા, ટ્રાન્સપોર્ટ, રહેવાની સુવિધા, ડેકોરેશન, કેટરિંગ, ઈવેન્ટ મેનેજમેન્ટ અને મેકઅપ જેવી સ્થાનિક સેવાઓની ઉપલબ્ધતા પણ ચકાસવામાં આવશે. પહેલનો હેતુ ગુજરાતની સંસ્કૃતિ, વારસા, આકર્ષક સ્થળોને વૈશ્વિક ડેસ્ટિનેશન વેડિંગ મેપ પર મજબૂત સ્થાન અપાવવાનો છે.જો કે, વેડિંગ માટે જરૂરી સરકારી પરમિશન, પ્રોસેસની વિગતો તૈયાર કરાશે. પ્રાઈવેટ કંપની દ્વારા કરાયેલ રિપોર્ટ મુજબ, ભારતમાં દર ૪માંથી ૧ લગ્ન ડેસ્ટિનેશન વેડિંગ હોય છે અને તેમાંના લગભગ ૯૦% લગ્નો દેશમાં જ આયોજિત થાય છે. વર્ષ ૨૦૨૫માં તેનું સરેરાશ બજેટ ૫૮ લાખ હતું, જ્યારે પ્રીમિયમ ડેસ્ટિનેશન વેડિંગનો ખર્ચ સામાન્ય કરતાં અંદાજે ૪૦% વધુ નોંધાયો છે. એક રિપોર્ટ મુજબ ભારતમાં ૪માંથી ૧ ભારતીય ડેસ્ટિનેશન વેડિંગ યોજાય છે અને વિશેષ વાત એ છે કે, તેમાંથી ૮૯%થી ૯૦% લગ્ન ભારતની અંદર જ હોય છે. વર્ષ ૨૦૨૫ના આંકડા અનુસાર, ડેસ્ટિનેશન વેડિંગનું સરેરાશ બજેટ ૫૮ લાખ નોંધાયું હતું, જ્યારે ૧ કરોડથી વધુ બજેટ ધરાવતા લગ્નમાંથી ૬૦% લગ્ન ડેસ્ટિનેશન વેડિંગ હોય છે. સામાન્ય રીતે આ પ્રકારના લગ્નમાં સરેરાશ ૨૮૦ જેટલા મહેમાનો હાજરી આપતા હોય છે. જો સરખામણી કરવામાં આવે તો, પ્રીમિયમ ડેસ્ટિનેશન વેડિંગનો ખર્ચ સામાન્ય લગ્ન કરતાં ૪૦% વધુ હોય છે. યંગસ્ટર્સમાં પણ ડેસ્ટિનેશન વેડિંગનો ટ્રેન્ડ છે, જેમાં ૪૯% Genz કપલ અને ૩૩% મિલેનિયલ કપલ ડેસ્ટિનેશન વેડિંગનો વિચાર કરે છે ખર્ચના વિવિધ પાસાઓ પર નજર કરીએ તો, તમામ ઈવેન્ટ્સને આવરી લેતા એન્ટ્રી-લેવલ લક્ઝરી ફોર્મેટ માટેનું કુલ બજેટ ૧થી ૩ કરોડ સુધી પહોંચી શકે છે.

## આ વેડિંગ લોકેશન મલ્ટી થીમ પર ડિઝાઈન કરાયા છે




### ગ્રાન્ડ, રોયલ વેડિંગ માટે અન્ય રાજ્યની વધુ પસંદગી કરાય છે

ગુજરાતમાં ડેસ્ટિનેશન વેડિંગનો ટ્રેડ છે. પરંતુ આજના લગ્ન માત્ર વિધિ પૂરતા મર્યાદિત ન રહેતા એક સંપૂર્ણ 'એક્સપિરિયન્સ સેલિબ્રેશન બન્યાં છે, જેમાં એન્ટરટેઈન્મેન્ટ થીમ આધારિત ઈવેન્ટ્સ અને હોસ્પિટાલિટીનો પણ સમાવેશ થાય છે. સાત્વિક, ધાર્મિક અને આધ્યાત્મિક વાતાવરણ માટે લોકો ગુજરાતના અને ખાસ કરીને ભગવાન શ્રીકૃષ્ણના સાનિધ્યમાં એટલે કે, દ્વારકા જેવા સ્થળોને પસંદ કરે છે.જો કે, કોર્પોરિટ અને ગ્રાન્ડ વૈડિંગ સેલિબ્રેશન માટે ઘણા લોકો હજુ પણ બહારના રાજ્યોના શહેરો જેવા કે. રાજસ્થાનના ઉદયપુર, જયપુર, જોધપુર અને જેસલમેર તરફ વધારે આકર્ષાઈ રહ્યાં છે. કારણ કે રાજ્યમાં દારૂ સંબંધિત નિયંત્રણો મનોરંજન આધારિત મોટી ઈવેન્ટ્સના વિકલ્પોને મર્યાદિત છે. રોયલ થીમ પર વેડિંગ પસંદ કરાય છે.

### આ રીતે પ્રોજેક્ટ મોડેલ ડેસ્ટિનેશન વેડિંગ કાર્યરત રહેશે

પ્રોજેક્ટ માટે ડિજિટલ સર્વે પણ તૈયાર કરવામાં આવરો, જેના દ્વારા ગુજરાતમાં થતા લગ્નની તુલના હેરિટેજ વેડિંગ માટે જાણીતા રાજસ્થાન જેવા અન્ય રાજ્યો સાથે કરવામાં આવશે. સરવેના માધ્યમથી ગુજરાતમાં વેડિંગ ટૂરિઝમ માટેનો યોગ્ય પ્રતિસાદ મેળવવામાં આવશે. વ્યવસાયિક સ્તરની સંભાવનાઓ વિશે પણ માહિતી એકઠી કરવામાં આવશે. આ પ્રકારે મોટા પાયે ડેસ્ટિનેશન વેડિંગના આયોજનો શરૂ કરવામાં આવશે, ત્યારે તેનો સીધો ફાયદો રાજ્યના અર્થતંત્ર અને સ્થાનિક રોજગારને પણ થશે. આ પ્રકારના મોડેલથી હોટેલ ટ્રાવેલ, ફૂડ, ડેકોરેશન તેમજ લોકકળા અને હસ્તકળા સાથે જોડાયેલા નાના-મોટા વ્યવસાયોને મોટા પાયે કમાણીના નવા અવસરો પ્રાપ્ત થશે અને આ જ પ્રકારે રોજગારીની નવી તકો પણ ઊભી થઈ શકશે.

મૌલાના જરજિસ અંસારીના દાવાથી વિવાદ

# ભગવાન શ્રી કૃષ્ણ 5 ટાઈમ 'નમાઝી' હતા!

## મૌલાનાનો દાવો; શ્રી કૃષ્ણ ભગવાન મુસ્લિમ હતા અને ઈસ્લામનો પ્રચાર કરતાં





**સિટી ન્યૂઝ@લખનૌ**

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા એક વીડિયોમાં મૌલાના જરજિસ અંસારીએ દાવો કર્યો છે કે ભગવાન શ્રીકૃષ્ણ વાસ્તવમાં મુસ્લિમ હતા અને તેઓ દીન (ઈસ્લામ)નો પ્રચાર-પ્રસાર કરતા હતા. મૌલાનાએ આટલેથી જ ન અટકતા એવું પણ નિવેદન આપ્યું કે શ્રીકૃષ્ણ ભગવાન પોતે પાંચ સમયના નમાજી હતા અને તેઓ નિયમિત નમાજ પઢતા હતા.

મળતી માહિતી મુજબ, મૌલાના જરજિસ અંસારીનો આ વાઈરલ વીડિયો ગત ૨૩ જૂનના રોજ ઝારખંડમાં આયોજિત એક ધાર્મિક સભા દરમિયાનનો છે. આ ભાષણ વખતે મૌલાનાએ હિન્દુ ધર્મના પવિત્ર ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતાના એક શ્લોકનો પોતાની રીતે 'ખોટો અર્થ' કાઢીને પોતાના દાવાને સાચો સાબિત કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો.

પોતાના ભાષણમાં મૌલાનાએ જણાવ્યું કે, 'જો અમારા ભાઈઓ ખોટું ન લગાડે તો, કૃષ્ણજી પણ પાંચેય સમયની નમાજ પઢતા હતા. જો વિશ્વાસ ન આવતો હોય તો શ્રીમદ્ ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયનો ૧૦મો શ્લોક (   ...) જોઈ લો.'

મૌલાનાએ આ શ્લોકનો અર્થ સમજાવતા કહ્યું કે, 'આમાં શ્રીકૃષ્ણ અર્જુનને કહી રહ્યા છે કે જ્યારે ઈશ્વરની આરાધના કરો ત્યારે આખા શરીરનો યોગ કરો. આનો અર્થ એ કે પૂજા માત્ર ઊભા રહીને નહીં, પણ આખા શરીરના વળાંક સાથે (નમાજની જેમ) થવી જોઈએ.'

મૌલાના જરજિસ અંસારીએ પોતાના ભાષણમાં હિન્દુ ધર્મની પૂજા પદ્ધતિ પર કટાક્ષ કરતા જણાવ્યું કે, 'આજે હિન્દુ ધર્મમાં લોકો માત્ર હાથ ઊંચા કરીને 'ઓમ નમ શિવાય' કહી દે છે અને તેમની પૂજા પૂર્ણ થઈ જાય છે.' તેમણે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને અન્ય હિન્દુઓનો ઉલ્લેખ કરીને દાવો કર્યો કે, 'જો તેઓ પોતાના ધાર્મિક પુસ્તકોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરશે તો તેઓ ઈસ્લામને પ્રેમ કરવા લાગશે, કારણ કે ઈસ્લામ માત્ર મુસ્લિમોનો જ નહીં પણ દરેક વ્યક્તિનો ધર્મ છે.' આ સાથે જ તેમણે એવો મોટો દાવો પણ કર્યો કે પ્રભુ રામચંદ્રજી અને ભગવાન શ્રીકૃષ્ણજીએ પણ આ જ દીન અને ઈસ્લામ ધર્મને દુનિયા સમક્ષ રજૂ કર્યો હતો. ભગવાન શ્રીકૃષ્ણ અને હિન્દુ ધર્મ વિશે મૌલાના દ્વારા કરવામાં આવેલા આ વિવાદાસ્પદ નિવેદન બાદ હિન્દુ સંગઠનો અને શ્રદ્ધાળુઓમાં ભારે નારાજગી છે. ધાર્મિક લાગણી દુભાવવા બદલ અનેક હિન્દુ સંગઠનોએ મૌલાના જરજિસનો ઉગ્ર વિરોધ કર્યો છે અને પોલીસ પ્રશાસન પાસે તેમની તાત્કાલિક ધરપકડ કરવાની માંગ કરી છે.

## મૌલાનાનું મગજ ચસકી ગયું છે : હિન્દુ સંગઠન

### દેશભરમાં હિન્દુ સંગઠનોમાં રોષ, કાર્યવાહી કરવા માંગ

**સિટી ન્યૂઝ@લખનૌ**

ઉત્તર પ્રદેશના ઈટાવાના મૌલાના જરજિસ અંસારીનું એક નિવેદન સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ સર્જાયો છે. ઝારખંડમાં ૨૩ જૂને યોજાયેલી એક ધાર્મિક સભાના કથિત વીડિયોમાં મૌલાનાએ ભગવાન શ્રીકૃષ્ણ અંગે વિવાદાસ્પદ દાવો કર્યો હોવાનું સામે આવ્યું છે. તેમણે દાવો કર્યો કે ભગવાન શ્રીકૃષ્ણ મુસ્લિમ હતા અને ઈસ્લામનો પ્રચાર કરતા હતા. આ નિવેદન બાદ હિન્દુ સંગઠનો અને શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વાયરલ વીડિયોમાં મૌલાના જરજિસ અંસારીએ શ્રીમદ્ ભગવદ્ ગીતાના છઠ્ઠા અધ્યાયના દસમા શ્લોકનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે આ શ્લોકનું પોતાની રીતે અર્થઘટન કરીને કહ્યું કે શ્રીકૃષ્ણ પાંચ સમયની નમાજ પઢતા હતા. મૌલાનાએ એવો દાવો પણ કર્યો કે ભગવાન શ્રીકૃષ્ણની ઉપાસનાની રીત નમાજ જેવી હતી. જોકે, તેમના આ દાવાને લઈને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચા અને વિરોધ જોવા મળી રહ્યો છે.

મૌલાના જરજિસ અંસારીએ પોતાના ભાષણમાં વધુમાં એવો દાવો કર્યો હોવાનું કહેવાય છે કે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રીકૃષ્ણએ પણ ઈસ્લામનો પ્રચાર કર્યો હતો. તેમણે હિન્દુ ધર્મની કેટલીક પૂજા પદ્ધતિઓ અંગે પણ ટિપ્પણી કરી હતી. આ દરમિયાન તેમણે લોકોને પોતાના ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરવાની અપીલ કરી અને ઈસ્લામ અંગે પણ દાવા કર્યા હતા. તેમના આ નિવેદનોનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ વિવાદ વધુ ઉગ્ર બન્યો છે.

ભગવાન શ્રીકૃષ્ણ, ભગવાન શ્રીરામ અને હિન્દુ ધર્મ અંગે કરવામાં આવેલા આ નિવેદનોને લઈને હિન્દુ સંગઠનોમાં ભારે નારાજગી છે. સંગઠનોએ મૌલાના જરજિસ અંસારી સામે ધાર્મિક લાગણી દુભાવવાનો આરોપ લગાવ્યો છે. સાથે જ પોલીસ અને વહીવટીતંત્ર પાસે તેમની સામે કાયદેસરની કાર્યવાહી તથા ધરપકડ કરવાની માંગ કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પર પણ આ મુદ્દે લોકો અલગ-અલગ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. હવે આ મામલે પોલીસ અને વહીવટીતંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર છે.

### AAP પ્રદેશ પ્રવકતા હિમાંશુ ઠક્કરે કહ્યું કે, 'આ બુધ્ધીનું પ્રદર્શન છે'

# ભગવાન 'નીચે' નેતાઓ 'ઉપર'; હોર્ડિંગ્સમાં પ્રભુ ઢંકાયા...!




**ભાજપના નેતાઓને મારી વિનંતી છે કે ભવિષ્યમાં કાં તો તમે ભગવાનના ફોટાઓનો ઉપયોગ બંધ કરો અને જો ભગવાનના ફોટા મુકવા હોય તો તેમના ઉપર બીજા કોઈ વ્યક્તિનો ફોટો ન મૂકોઃ હિમાંશુ ઠક્કર**



## AAP નેતાએ શું આરોપ લગાવ્યા




- સામાન્ય સંસ્કારની વાત છે કે જ્યારે ભગવાનનો ફોટો ઉપયોગમાં લેવાય તો એની ઉપર કોઈનો ફોટો લગાવવો ન જોઈએ
- રામ મંદિરની પ્રતિષ્ઠા, કુંભ જેવા સમયે પણ હોર્ડિંગ્સમાં એટલા રાજનેતાઓના ફોટા હતા કે ભગવાન શિવનો ફોટો આપણે શોધવો પડતો હતો
- હિન્દુત્વનું નિકંદન કાઢવામાં ભાજપે કોઈ અસર છોડી નથી

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા હિમાંશુ ઠક્કરે એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, આજે રથયાત્રાનો પવિત્ર દિવસ છે અને ભગવાન જગન્નાથ સૌનું ભલું કરે એવી પ્રાર્થના છે. આજે આખા અમદાવાદમાં ભગવાન જગન્નાથના હોર્ડિંગ્સ લાગેલા છે પણ સામાન્ય સંસ્કાર અને સામાન્ય સમજની વાત છે કે જયારે ભગવાનનો ફોટો ઉપયોગમાં લેવાય તો એની ઉપર બીજા કોઈનો ફોટો લગાવવો ન જોઈએ પરંતુ આજે આ બધા હોર્ડિંગ્સ જોઈને દુખ થાય છે અને જાણે ભગવાન આ લોકોના આશીર્વાદ લેવા નીકળવાના હોય એ રીતનું ચિત્ર દેખાઈ રહ્યું છે. તો આ એ લોકોની બુદ્ધિનો પ્રદર્શન છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા હિમાંશુ ઠક્કરે જણાવ્યું હતું કે, રામ મંદિરની પ્રતિષ્ઠા વખતે પણ રાજનેતાઓના આ રીતના ફોટા લાગ્યા હતા, કુંભના મેળા સમયે પણ હોર્ડિંગ્સમાં એટલા રાજનેતાઓના ફોટા હતા કે ભગવાન શિવનો ફોટો આપણે શોધવો પડતો હતો. તો સવાલ પેદા થાય છે કે આપણે આ કઈ દિશામાં જઈ રહ્યા છીએ? હિન્દુત્વનું નિકંદન કાઢવામાં ભાજપે કોઈ અસર છોડી નથી. મારી વિનંતી છે કે મારા આ વીડિયોને રાજનૈતિક પોસ્ટ તરીકે જોવામાં ન આવે. ભાજપના નેતાઓને મારી વિનંતી છે કે ભવિષ્યમાં કાં તો તમે ભગવાનના ફોટાઓનો ઉપયોગ બંધ કરો અને જો ભગવાનના ફોટા મુકવા હોય તો તેમના ઉપર બીજા કોઈ વ્યક્તિનો ફોટો ન મૂકો. ઘણા બધા હિન્દુઓ લાચારી અનુભવતા હશે અને એમની મજબૂરી હશે કે તેઓ બોલી શકતા નહીં હોય.

## મધ્યપ્રદેશમાં પ્રેમના પારખા

# બહેનના પ્રેમીને ભાઈઓએ નગ્ન કરી ઢોરમાર મારી મીઠું મરચું ભભરાવી દીધું







**સિટી ન્યૂઝ@મધ્ય પ્રદેશ**

મધ્ય પ્રદેશના સિવની જિલ્લામાંથી એક એવી ઘટના સામે આવી છે, જેણે સૌ કોઈને ચોંકાવી દીધા છે. સિવનીના ડૂંડા વિસ્તારમાં પ્રેમ પ્રસંગના કારણે એક યુવકની નિર્વસ્ત્ર કરી નિર્દયતાપૂર્વક મારપીટ કરવામાં આવી હતી. ત્યાર બાદ પીડિતના ઘા પર મીઠું અને મરચું ભભરાવી દેવામાં આવ્યું હતું. આ બર્બરતાની ઘટના બાદ પોલીસ એક્શનમાં આવી અને ત્રણ આરોપીઓની ધરપકડ કરી લીધી છે.

હાલમાં પોલીસ આ મામલામાં વિસ્તારથી તપાસ કરી રહી છે અને સંબંધમાં કેટલાય લોકો સાથે વાતચીત પણ કરી રહી છે.

કહેવાય છે કે સોહેલ ખાન નામના યુવકને પહેલા નગ્ન કર્યો, ત્યાર બાદ આરોપીઓએ તેને ખૂબ માર્યો. પછી તેના ઘા પર મીઠું અને મરચું ભભરાવી દીધું. બાદમાં આરોપીઓએ તેનો વીડિયો ઉતારતા સ્નાન કરાવ્યું હતું. એક યુવતી સાથેના સંબંધને લઈ તેના પરિવાર અને સાથીઓએ આ હેવાનિયત આચરી હતી. ત્યાર બાદ આખી ઘટના મોબાઈલમાં રેકોર્ડ પણ કરી હતી.

સિવનીના એસપી કૃષ્ણ લાલચંદાનીએ જણાવ્યું કે, સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે. જેમાં ફરિયાદ છે સોહેલ ખાન. તેની સાથે મારપીટ કરતા ૧૦થી ૧૧ લોકો દેખાઈ રહ્યા છે. આ ઘટના ૧૦-૧૧ જૂનની હોવાનું કહેવાય છે. કહેવાય છે કે, તેમાં મુખ્ય આરોપી અસ્મિત માન ઠાકુર તેની બહેન સાથે સોહેલ ખાનને પ્રેમ સંબંધ હતો. આ જ કારણથી આ લોકોએ તેની સાથે મારપીટ કરી છે. ફરિયાદ સાથે સંપર્ક કર્યો અને ગંભીર ધારાઓમાં આરોપીઓ વિરુદ્ધ કેસ નોંધી લેવામાં આવ્યો છે.

પોલીસ તરફથી કહેવાયું છે કે વીડિયોમાં કુલ ૧૧ લોકો દેખાઈ રહ્યા છે. જેમાંથી ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી લીધી છે. બાકીના ૮ લોકો પણ જલદી પકડાઈ જશે. આ સંબંધમાં પોલીસ પીડિત સાથે પૂછપરછ પણ કરી રહી છે અને તેની ગરિમાને ઠેસ પહોંચાડવાના પુરાવા એકઠા કરી રહી છે. કહેવાય છે કે વીડિયો લગભગ એક મહિના સુધી કોઈએ સાચવીને રાખ્યો, પછી તેને વાયરલ કર્યો.



## સૂરતની ચોંકાવનારી ઘટના

# છરીની અણીએ દુષ્કર્મ : એક તરફી પ્રેમીના ત્રાસથી કંટાળી યુવતીનો આપઘાત

**સિટી ન્યૂઝ@સૂરત**

શહેરના સચીન GIDC વિસ્તારમાં પ્રેમ-પ્રકરણમાં માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. ૨૧ વર્ષની યુવતી પર પ્રેમ સંબંધ રાખવા માટે સતત દબાણ, ધમકીઓ, મારપીટ અને ચપ્પુની અણીએ દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે યુવતીએ આખરે કંટાળી ફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ સમગ્ર ઘટનાએ વિસ્તારમાં ભારે ચકચાર મચાવી છે.

સમગ્ર મામલે પોલીસ ફરિયાદ મુજબ, આરોપી મુમતાઝ રબીલ અહમદ છેલ્લા આશરે છ મહિનાથી યુવતીનો પીછો કરી તેની સાથે પ્રેમ સંબંધ રાખવા માટે દબાણ કરતો હતો. યુવતી વારંવાર ઈનકાર કરતી હોવા છતાં આરોપી મુમતાઝ રબીલ અહમદ તેને સતત શારીરિક અને માનસિક રીતે હેરાન કરતો રહ્યો હતો. ફરિયાદમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરોપી મુમતાઝ રબીલ અહમદએ યુવતીને ચાકુ બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી અને આ ભયનો લાભ લઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

માહિતી અનુસાર, યુવતી પોતાની બહેન સાથે એક લેબર કોન્ટ્રાક્ટર પાસે મજૂરી કામ કરતી હતી. ત્યાંથી જ તેનો આરોપી મુમતાઝ રબીલ અહમદનો સંપર્ક થયો હતો. યુવતી દ્વારા સંબંધ રાખવાનો સ્પષ્ટ ઈનકાર કરવા છતાં આરોપી મુમતાઝ રબીલ અહમદ સતત તેની પાછળ પડ્યો હતો. યુવતીને મારપીટ કરવી, ધમકી આપવી અને માનસિક રીતે ત્રાસ આપવાના કારણે તે ભારે તણાવમાં રહેતી હતી.

પરિવારજનોએ પોલીસને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપીના



સતત ત્રાસ, ધમકી અને દુષ્કર્મના કારણે યુવતી ગંભીર માનસિક આઘાતમાં આવી ગઈ હતી. આખરે આ અસહ્ય પરિસ્થિતિથી કંટાળી તેણે પોતાના જીવનનો અંત લાવી દીધો છે. ઘટના અંગે યુવતીના પરિવારની ફરિયાદના આધારે સચીન GIDC પોલીસે આરોપી મુમતાઝ રબીલ અહમદ સામે બળાત્કાર, આત્મહત્યા માટે દુષ્પ્રેરણા, એટ્રોસિટી સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે.

પોલીસે આરોપીને કસ્ટડીમાં લઈ પૂછપરછ શરૂ કરી છે અને ઘટનાના તમામ પાસાઓની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી છે. તપાસ દરમિયાન યુવતી અને આરોપી વચ્ચે થયેલા સંપર્કો, મોબાઈલ કોલ ડિટેલ્સ, મેસેજ, તેમજ અન્ય પુરાવાઓની પણ તપાસ કરવામાં આવી રહી છે.

સમગ્ર કેસની તપાસ ACP એસ.ડી. તરડેના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે. પોલીસનું કહેવું છે કે તપાસમાં જે પણ તથ્યો સામે આવશે તેના આધારે કાયદેસરની વધુ કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ મહિલાઓની સુરક્ષા અને છેડતી-ધમકીના બનાવો સામે સમયસર ફરિયાદ નોંધાવવાની જરૂરિયાત અંગે ફરી એક વખત ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે.

## પ્રેમી સાથે મળીને ખેલ રચ્યો

# દગાબાજ પત્નિ 4 લાખની સોપારી આપી પતિને પતાવી દીધો



**સિટી ન્યૂઝ@બિહાર**

બિહારમાં પતિ-પત્નીના પવિત્ર સંબંધોને શરમાવે તેવી એક ચોંકાવનારી અને હચમચાવી નાખે તેવી ઘટના સામે આવી છે. કટિહારમાં ટ્રેનમાં થયેલી એક વિદ્યુત કર્મીની હત્યાના કેસમાં મૃતકની પત્ની જ મુખ્ય આરોપી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે. આ ઘટનાએ સમાજમાં વિશ્વાસ અને સંબંધોની મૂલ્યો પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. પોલીસે દાવો કર્યો છે કે બિહાર સરકારમાં મોટર વ્હીકલ ઈન્સ્પેક્ટર (MVI) તરીકે ફરજ બજાવતી સ્મિતા કુમારીએ પોતાના પ્રેમી સાથે મળીને પતિ દેવ કુમાર ગુંજનની હત્યા માટે ૪ લાખ રૂપિયાની સોપારી આપી હતી.

ઘટના ૧૧ જુલાઈની છે. જનસાધારણ એક્સપ્રેસમાં માનસી રેલવે વિસ્તાર નજીક અજાણ્યા શખ્સે દેવ કુમાર ગુંજનને ગોળી મારી હતી. ગંભીર રીતે ઘાયલ દેવ કુમારને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. શરૂઆતમાં મૃતકની પત્નીએ ઘટનાને લૂંટનો બનાવ ગણાવી પોલીસને ફરિયાદ નોંધાવી હતી અને કેસને ભટકાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તપાસ દરમિયાન સમગ્ર કાવતરાનો પર્દાફાશ થયો હતો.

રેલવે એસપી હરિ શંકરે જણાવ્યું હતું કે વૈજ્ઞાનિક અને ટેક્નિકલ પુરાવાના આધારે તપાસ કરતાં જાણવા મળ્યું કે સ્મિતા કુમારીને અજીત કુમાર નામના વિદ્યુત કર્મી સાથે પ્રેમસંબંધ હતો. બંને વચ્ચે લાંબા સમયથી સંબંધ હોવાની માહિતી પણ સામે આવી છે. બંનેએ દેવ કુમારને રસ્તામાંથી હટાવવા માટે કાવતરું રચ્યું અને રાજૂ ઉર્ફ ધીરજ નામના શૂટરને ૪



શૂટર અને આરોપી

લાખ રૂપિયાની સોપારી આપી હતી. યોજના મુજબ ટ્રેનમાં દેવ કુમાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો, જેથી ઘટનાને અકસ્માત કે લૂંટ જેવી દેખાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ દેવ કુમાર જમુઈ જિલ્લાના મલાપુર ખાતે ગ્રેડ-૧ ટેક્નિશિયન તરીકે ફરજ બજાવતા હતા અને પત્નીને મળવા સુપૌલ જઈ રહ્યા હતા ત્યારે હુમલો થયો હતો. સ્મિતા કુમારી ૨૦૨૩માં MVI તરીકે પ્રમોશન મળ્યા બાદ સુપૌલમાં ફરજ બજાવતી હતી. પોલીસે જણાવ્યું કે સોપારીની રકમ રોકડમાં આપવામાં આવી હતી અને અજીત કુમારે આ રકમ શૂટર સુધી પહોંચાડી હોવાની આશંકા છે. આ સમગ્ર કાવતરું ખૂબ જ આયોજનબદ્ધ રીતે રચાયું હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે.

આ કેસમાં STF અને રેલવે પોલીસની સંયુક્ત ટીમે ઝડપી કાર્યવાહી કરીને સ્મિતા કુમારી, અજીત કુમાર અને શૂટર રાજૂ ઉર્ફ ધીરજની ધરપકડ કરી છે. પોલીસ હવે આ કેસમાં અન્ય કોઈ સંડોવણી છે કે નહીં તેની પણ તપાસ કરી રહી છે. સમગ્ર ઘટનાએ સમાજમાં ચકચાર મચાવી દીધી છે અને લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.



# શિક્ષિકાના 500 રૂપિયા ગુમ થતાં વિદ્યાર્થીઓના કપડા ઉતારાવ્યા



**સિટી ન્યૂઝ@રાજસ્થાન**

રાજસ્થાનના સવાઈ માધોપુર જિલ્લાના ગંગાપુર સિટી નજીક બામનવાસ વિસ્તારના લીવાલી ગામની સરકારી ઉચ્ચ માધ્યમિક શાળામાં એક ગંભીર અને શરમજનક ઘટના સામે આવી છે. શાળામાં ફરજ બજાવતી એક શિક્ષિકાના ૫૦૦ ગુમ થતાં ધોરણ ૯ અને ૧૧ની કેટલીક વિદ્યાર્થિનીઓ પર શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

આરોપ છે કે પૈસા ન મળતાં વિદ્યાર્થિનીઓને એક રૂમમાં બંધ કરી તેમની તલાશી લેવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન તેમના કપડાં ઉતરાવાયા હોવાના આક્ષેપો સામે આવ્યા છે. ઘટનાથી આઘાતમાં આવેલી વિદ્યાર્થિનીઓએ ઘરે જઈ પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. ઘટનાની માહિતી મળતા વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં શાળાએ પહોંચી વિરોધ નોંધાવ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ શાળાના મુખ્ય દરવાજાને તાળું મારી હંગામો મચાવ્યો હતો. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે શિક્ષણ વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. અધિકારીઓએ પીડિત વિદ્યાર્થિનીઓના નિવેદનો નોંધ્યા બાદ સમગ્ર મામલાની તપાસ શરૂ કરી છે.

શિક્ષણ વિભાગે ઘટનાને ગંભીરતાથી લઈ હિન્દી વિષયની સિનિયર શિક્ષિકા સરસ્વતી મીનાને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી છે. ઉપરાંત વ્યાવસાયિક શિક્ષણ પ્રશિક્ષક વંદના શર્માને પણ તેમની ફરજમાંથી કાર્યમુક્ત કરવામાં આવ્યા છે. વિભાગીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે અને સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ બાદ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ વિદ્યાર્થીનીઓની સુરક્ષા અને શાળાઓમાં અનુસરાતી પ્રક્રિયાઓ અંગે અનેક સવાલો ઊભા કર્યા છે.

### સંત રામપાલનું વિવાદિત નિવેદન

# મૂર્તિમાં પ્રાણ હોત તો ચોર પકડાયા હોત

## રામ મંદિર પ્રસાદ ચોરી અને ધાર્મિક ટિપ્પણીઓ પર ઉઠ્યો ચર્ચાનો માહોલ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

"આપણા ધાર્મિક નેતાઓ લાંબા સમયથી આપણને મૂર્ખ બનાવતા આવ્યા છે. તેઓ મૂર્તિમાં જીવન રેડવાનો દાવો કરે છે. પ્રાણ પ્રતિષ્ઠા કરે છે.અને દાવો કરે છે કે મૂર્તિ હવે દેવતાના કાર્યો કરશે. તો શ્રી રામ ત્યાં હાજર હતા, અને ખરેખર મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવ્યું હોત. તેમણે પોતાના હાથમાં ધનુષ્ય અને તીર પણ રાખ્યું હતું, તેમણે એક જ તીરથી રાવણનો વધ કર્યો હતો. જો મૂર્તિમાં ખરેખર જીવ હોત, તો ચોરી ક્યારેય ન થઈ હોત. આ સાબિત કરે છે કે તેઓ લોકોને છેતરે છે. શિક્ષિત હોવા છતાં, લોકો હજુ પણ તેમનું પાલન કરે છે. પ્રવચન દરમિયાન સંત રામપાલે પ્રેમાનંદ મહારાજ, ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી સહિત કેટલાક જાણીતા ધાર્મિક વક્તાઓ અને સંતો અંગે પણ ટીકાત્મક ટિપ્પણીઓ કરી હતી. તેમણે આરોપ મૂક્યો કે કેટલાક ધાર્મિક નેતાઓ



લોકોની આસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને ભ્રમ ફેલાવે છે. આ ટિપ્પણીઓ બાદ અનેક ધાર્મિક અનુયાયીઓમાં અસંતોષ જોવા મળ્યો છે. જોકે, સંબંધિત ધાર્મિક નેતાઓ તરફથી આ મુદ્દે કોઈ સત્તાવાર નિવેદન જાહેર થયું નથી. સંત રામપાલના સત્તાવાર સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આ પ્રવચનનો વીડિયો શેર કરવામાં આવ્યો હતો. થોડા જ સમયમાં વીડિયો લાખો લોકો સુધી પહોંચ્યો અને તેના આધારે અનેક ચર્ચાઓ શરૂ થઈ.

### બંગાળની ખાડીમાં બોટ ડૂબી હોવાના અહેવાલ

# 500 લોકો ડૂબ્યા?



## મ્યાનમારમાં હિંસાનો ભોગ બનેલ અલ્પસંખ્યક રોહિંગ્યા સમુદાયના લોકોને લઈ જતી હતી બોટ

**સિટી ન્યૂઝ@કોલકાત્તા**

મ્યાનમારમાં હિંસાનો ભોગ બનેલા અલ્પસંખ્યક રોહિંગ્યા સમુદાયના લોકોને લઈ જતી બે મોટી બોટ બંગાળની ખાડીમાં ડૂબી ગઈ છે. આ દર્દનાક દુર્ઘટનામાં ૫૦૦થી વધુ લોકો દરિયામાં ડૂબી ગયા હોવાની આશંકા છે. આ ઘટનાને પગલે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચકચાર મચી ગઈ છે.

પ્રાથમિક અહેવાલો મુજબ, આ બંને બોટ જૂન મહિનાના અંતમાં મ્યાનમારના પશ્ચિમ રાજ્ય રખાઈનથી રવાના થઈ હતી. આ બોટમાં સવાર મોટાભાગના મુસાફરો રોહિંગ્યા સમુદાયના હતા. આ ઉપરાંત કેટલાક એવા શરણાર્થીઓ પણ હતા જેમણે બાંગ્લાદેશની બોર્ડર પર બનેલા શરણાર્થી કેમ્પમાંથી પોતાની જોખમી સફર શરૂ કરી હતી.

આ ઘટના અંગે ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર માઈગ્રેશન અને યુનાઈટેડ નેશન્સ હાઈ કમિશનર ફોર રેફ્યુજીસ દ્વારા એક જોઈન્ટ સ્ટેટમેન્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ સત્તાવાર રિપોર્ટ અનુસાર પહેલી બોટઃ આ બોટમાં અંદાજે ૨૫૦ લોકો સવાર હતા. રવાના થયાના થોડા જ સમય બાદ આ બોટનો સંપર્ક તૂટી ગયો હતો.

બીજી બોટઃ ૨૮૦ મુસાફરોને લઈ જતી આ બીજી બોટ ૮ જુલાઈના રોજ મ્યાનમારના અય્યારવાડી કિનારા નજીક દરિયામાં ડૂબી ગઈ હોવાનું મનાય છે.

### ગુજરાતી બિઝનેસમેનનો અમેરિકા-સુરતમાં અબજોનો વેપાર

# ડાયમંડ કિંગ ધીરૂ રામાણીનું આફ્રિકામાં અપહરણ 44 કરોડ આપી છોડાવ્યા



## અલકાયદા સાથે સંકળાયેલા આતંકી જૂથે 100 કરોડની ખંડણી માંગી હતી

**સિટી ન્યૂઝ@વોશિંગ્ટન**

આફ્રિકન દેશ માલીમાંથી ગુમ થયેલા સુરતના જાણીતા ૭૫ વર્ષીય ગુજરાતી હીરા ઉદ્યોગપતિ ધીરૂ રામાણીને અલ કાયદા સાથે સંકળાયેલી કટ્ટરપંથીઓની ચુંગાલમાંથી હેમખેમ મુક્ત થયા છે. જેના માટે ૪ મિલિયન યુરો( અંદાજે ૪૪ કરોડ)ની અધધ રકમ ચૂકવવામાં આવી છે. અપહરણકારોએ ૧૦૦ કરોડ માગ્યા હતા.

છેલ્લા બે વર્ષથી આફ્રિકામાં સ્થાયી થયેલા ધીરુ રામાણીની ન્યૂયોર્ક સિટીમાં 'રામાણી એક્સપોર્ટ' નામની પેઢી, ડાયમંડ ફેક્ટરી તેમજ સીબીડી ડાયમંડ અને જ્વેલરીના શો રૂમ્સ આવેલા છે. જ્યારે સુરતમાં પણ તેમનું ડાયમંડનું મોટું નેટવર્ક કાર્યરત છે. તેના દીકરાઓ અમેરિકન સિટિઝન છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે હીરા બજારમાં મોટું નામ ધરાવે છે. જો કે ધીરુભાઈની મુક્તિ થતાં પરિવાર અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.


અપહરણની આ ઘટના ત્રણ મહિના પહેલા બની હતી. આ સમયે તેમની સાથે અન્ય બે ભારતીય નાગરિકો, જેમાં એક તેમનો રસોઈયો અને એક ઈલેક્ટ્રિશિયન પણ હતો. અપહરણની આ ઘટના સામે આવતા જ વિદેશમાં વેપાર કરતા સુરતના ઉદ્યોગપતિઓમાં ભારે ચિંતા વ્યાપી ગઈ હતી. થોડા વર્ષો પહેલા જ ધીરૂ રામાણીએ હિરા ઉદ્યોગ છોડી પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં સોનાની ખાણકામના પ્રોજેક્ટમાં મોટું રોકાણ કર્યું હતું. થોડા વર્ષો પહેલા જ ધીરૂ રામાણીએ હિરા ઉદ્યોગ છોડી પશ્ચિમ આફ્રિકાના માલી દેશમાં સોનાની ખાણકામના પ્રોજેક્ટમાં મોટું રોકાણ કર્યું હતું. આ પહેલાં ધીરૂ રામાણી અને અન્ય બે ભારતીયો ગુમ થવા પાછળ સામાન્ય ગુનેગારો નહીં, પરંતુ કોઈ મોટી કટ્ટરપંથી સંસ્થાનો હાથ હોવાની પ્રબળ આશંકા પરિવારના સૂત્રો વ્યક્ત કરી હતી. સુરતમાં રહેતા પરિવારના નજીકના સભ્યએ જણાવ્યું હતું કે, અલકાયદા સાથે જોડાયેલા એક સ્થાનિક કટ્ટરપંથી આતંકી જૂથે ત્રણેય ભારતીયોને મુક્ત કરવાના બદલામાં રૂપિયા ૧૦૦ કરોડની મસમોટી ખંડણીની માંગણી કરી હતી. આ સમગ્ર મામલે ધીરૂ રામાણીના એક નજીકના સંબંધીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે, અમારી પાસે ખંડણીની રકમ અંગે વાટાઘાટો કરવા અને ભોગ બનનારાઓને સુરક્ષિત પાછા લાવવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નહોતો.

43મો જન્મદિવસ ફિટનેસ, સ્ટાઈલ અને સ્ટારડમ યથાવત

# 43 વર્ષે કેટરીના કૈફ એવરગ્રીન



16 જુલાઈ ૧૯૮૩ના રોજ હોંગકોંગમાં કેટરીના કૈફનો જન્મ થયો હતો. તે એક ભાઈ અને ૬ બહેનોમાં વચલી હતી. તેની માતા સુઝેન વિદેશી હતાં અને પિતા કાશ્મીરી. કેટરીના હજી નાની હતી, ત્યારે જ પિતા તેની માતા અને ૭ બાળકોને છોડીને જતા રહ્યા હતા. ગુજરાન ચલાવવા માટે તેની માતા ક્યારેક ચાઈના તો ક્યારેક જાપાન જતાં. ક્યારેક બોટ દ્વારા બાળકોને ફ્રાન્સ લઈ જતા, તો ક્યારેક સ્વિટ્ઝર્લેન્ડ, પોલેન્ડ, બેલ્જિયમ, હવાઈ અને લંડન. વારંવાર શહેરો બદલવાના કારણે તેની સ્કૂલિંગ બરાબર થઈ શકી નહીં.




કોના જીવનમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી મારા કરતા નિકને વધુ ખબર હોય છે

# પ્રિયંકાનો પતિ બોલીવૂડની ગોસિપનો રસિયો છે

બૉલીવુડ અને હૉલીવુડ બન્ને જગ્યાએ પોતાનું ખાસ સ્થાન બનાવનાર પ્રિયંકા ચોપડાનું કહેવું છે કે તેના પતિ નિક જોનસને બૉલીવુડની ગૉસિપમાં ખૂબ રસ છે. પ્રિયંકાએ જોનસ બ્રધર્સના પૉડકાસ્ટમાં નિકની આ આદત વિશે વાત કરતાં કહ્યું હતું કે 'નિક હવે મારા માટે બૉલીવુડના સમાચારોનો સૌથી વિશ્વસનીય સોર્સ બની ગયો છે. બૉલીવુડમાં કોના જીવનમાં શું ચાલી રહ્યું છે એની માહિતી ઘણી વખત નિકને મારા કરતાં પણ વધુ હોય છે. ઘણી વખત હું કોઈ સેલિબ્રિટીને મેસેજ કરીને લખું છું કે તમારા પાર્ટનરને મારો પ્રેમ આપજો ત્યારે નિક તરત જ મને રોકીને કહે છે, 'ના, એ બન્નેનું તો બ્રેકઅપ થઈ ગયું છે.' આવું ઘણી વખત થાય છે અને મને નિક પાસેથી જ સાચી હકીકતની ખબર પડે છે.'

300 કરોડ રૂપિયાના બંગલામાં હીરાજડત નેમપ્લેટ છે...

# શાહરૂખના બંગલાની નેમપ્લેટ 25 લાખની




શાહરુખ ખાનને સુપ્રીમ કોર્ટમાંથી લીલી ઝંડી મળી જતાં બાંદરા બૅન્ડસ્ટૅન્ડ પર આવેલા તેના બંગલા મન્નતમાં વધુ બે માળ ઉમેરવાનો માર્ગ હવે સાફ થઈ ગયો છે. શાહરુખે આ બંગલો ૨૦૦૧માં ૧૩ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો અને હાલમાં એની અંદાજિત કિંમત ૩૦૦ કરોડ રૂપિયા છે. આ બંગલાના આર્કિટેક્ટ રાજીવ પારેખ છે, જ્યારે એની ઇન્ટીરિયર ડિઝાઇન ગૌરી ખાન અને કૈફ ફાકીહે મળીને તૈયાર કરી છે. મન્નતની ડિઝાઇન જેટલી આકર્ષક છે એટલી જ ભવ્ય રીતે એની સજાવટ પણ કરવામાં આવી છે. આ બંગલાની નેમપ્લેટ એને વધુ ખાસ બનાવે છે. આ નેમપ્લેટની ડિઝાઇન શાહરુખની પત્ની ગૌરીએ કરી છે. આ ખાસ નેમપ્લેટની કિંમત આશરે પચીસ લાખ રૂપિયા છે અને એમાં હીરા જડાયેલા હોવાથી એની કિંમત આટલી વધુ છે.

# મમ્મી રડીશ નહીં કદાચ નીશી સાથે આપણું રૂણાનુબંધન પુરૂ થયું હશે આટલુ બોલતા ખુદ ગોપાલ રડી પડયો

(એક અઠવાડિયા પછી...) નીતિનકાકાની વગને કારણે એક અઠવાડિયામાં ગોપાલની રજા મંજૂર થઈને આવી ગઈ. એક અઠવાડીયા સુધીમાં ગોપાલનાં મનમાં ચાલી રહેલું ધમસાણ પણ ધીમું પડ્યું હતું. ગોપાલે હવે સ્વીકારી લીધું હતું કે, નિશી તેની રહી નથી. વિરાંગની કહાની સાંભળીને કદાચ તેનો મત પણ હવે બદલાઈ રહ્યો હતો; પણ હજી તેની નિરાશા ઓછી થઈ નહોતી. તે રોજ ઑફિસમાં જતી વખતે બેરેકના મંદિર તરફ જોતો; પણ હવે તેનું માથું નમતું નહોતું. તે જ્યારે પણ મેલડીમાતાનાં મંદિર પાસેથી પસાર થતો, ત્યારે મનોમન માતાને પૂછતો કે, “મા, મારી સાથે આવું કેમ કર્યું? રજાનો ઓર્ડર આવ્યા પછી ગોપાલે રાકેશને ફોન કર્યો. રાકેશ તેને લેવા આવ્યો. તેણે તેના જામીન પણ આપ્યા હતા. પોતાની રજા થઈ છે, એવી જાણ ગોપાલે મમ્મી પપ્પાને કરી નહોતી. ગોપાલ જેલની બહાર નીકળ્યો ત્યારે તેની રાહ જોતો રાકેશ ઊભો હતો. રાકેશ કંઈ બોલ્યો નહીં. તેણે ગોપાલના ખભા પર હાથ મૂકીને ખભો થોડો દબાવ્યો. જાણે તે કહી રહ્યો હતો કે, હું તારી સાથે જ છું. રાકેશ બાઈક લઈને આવ્યો હતો. ગોપાલ તેનાં બાઈક પર બેસી ગયો. રાકેશ અને ગોપાલ ઘર તરફ જવા લાગ્યા. તેમની વચ્ચે કોઈ સંવાદ નહોતો. આજે ગોપાલને લાગી રહ્યું હતું કે, તેનું અમદાવાદ હવે તેના માટે અજાણ્યું બની ગયું છે. ગાંધી આશ્રમ, જૂનાવાડજ થઈ રાકેશનું બાઈક રામાપીરના ટેકરે અને ત્યાંથી ન્યૂરાણીપ તરફ જવા વળ્યું. રાકેશ અને ગોપાલ ભલે વાત કરતા નહોતા; પણ ગોપાલનું મન તો સતત બડબડાટ કરી રહ્યું હતું.


ગોપાલ અને રાકેશ ઘરે પહોંચ્યા. રાકેશે ડોરબેલ વગાડ્યો. મમ્મીએ દરવાજો ખોલ્યો એટલે પહેલાં રાકેશને જોયો અને પછી પાછળ ઊભા રહેલા ગોપાલ તરફ તેનું ધ્યાન ગયું. મમ્મીને આશ્ચર્ય થયું. ગોપાલ અચાનક કેવી રીતે આવ્યો? પહેલાં તો ગોપાલને જોતાં તેના ચહેરા ઉપર આનંદ દોડી આવ્યો. પણ પછી, કેમ આવ્યો હશે? તેવો વિચાર આવતાં જ તેનો ચહેરો પડી ગયો. રાકેશ અને ગોપાલ ઘરમાં દાખલ થયા.

મમ્મી પાણીના બે ગ્લાસ લઈ આવી. ગોપાલે પાણી પીધું. તે મમ્મી સાથે આંખ મીલાવી શકતો નહોતો. કારણ, તેને હજી




ખબર નહોતી કે, મમ્મી નિશી વિશે શું જાણે છે? આવી જ સ્થિતિ મમ્મીની પણ હતી. મમ્મી એવું વિચારી રહી હતી કે, કઈ રીતે તે ગોપાલને વાત કરશે? કારણ, તેને ડર લાગી રહ્યો હતો કે, જો ગોપાલને ખબર પડશે તો તે દિકરો ભાંગી પડશે. મમ્મી કંઈપણ બોલ્યા વગર રસોડામાં ગઈ અને ચા બનાવવા લાગી.

મમ્મી ચા બનાવતાં બનાવતાં વિચારી રહી હતી કે, ગોપાલ સાથે કેવી રીતે વાત કરશે? મમ્મીને વિચાર આવ્યો કે, ગોપાલે ઘરમાં આવ્યા પછી હજી સુધી નિશી ક્યાં છે? એવું પૂછ્યું નથી. તરત પાછો બીજો વિચાર પણ આવ્યો, કેમ નથી પૂછ્યું? બહાર બેઠેલા રાકેશ અને ગોપાલ પાસે પણ વાત કરી શકે એવો કોઈ વિષય જ નહોતો. રાકેશે ટીપોઈ પર પડેલું ન્યૂઝપેપર હાથમાં લીધું. એ કારણ વગર તેનાં પાનાં ઉથલાવી રહ્યો હતો.મમ્મી ચા લઈને આવી. રાકેશ અને ગોપાલે ચા પીધી પછી મમ્મીએ રાકેશને પૂછ્યું, “કેમ? ગોપાલને એકદમ રજા પર લઈ આવ્યો? અમને ખબર પણ આપી નહીં.”રાકેશને લાગ્યું કે, મમ્મી તેને સવાલ પૂછી રહી છે. રાકેશે ગોપાલ સામે જોયું. ગોપાલે મમ્મી સામે જોતાં કહ્યું, “મમ્મી, એક કામ કરવું જરૂરી છે એટલે આવ્યો છું.”મમ્મીએ કંઈક વિચાર કર્યો પછી પૂછ્યું, “ગોપાલ, કયું કામ?”ગોપાલ નીચે જોઈ ગયો. થોડીવાર રહીને તેણે મમ્મી સામે જોતાં કહ્યું, “નિશીનું એક કામ છે.”થોડીવાર મમ્મી કંઈ બોલી નહીં. અચાનક મમ્મીએ પૂછ્યું, “નિશીના પપ્પા આવ્યા હતા જેલ ઉપર?”ગોપાલે માથું હલાવીને ના પાડી. ઘરનું વાતાવરણ એકદમ તંગ હતું. મમ્મીએ હિંમત કરીને કહ્યું, “બેટા, નિશીના પપ્પા આવ્યા હતા.”પછી થોડું રોકાઈને કહ્યું, “તારા પપ્પા અને નિશીના પપ્પા વચ્ચે ઝઘડો પણ થયો હતો.”ગોપાલે પૂછ્યું જ નહીં કે, કેમ ઝઘડો થયો હતો? બધા જ શાંત હતા. રાકેશનું ધ્યાન મમ્મી તરફ ગયું. તેણે પૂછ્યું, “અરે, તમે કેમ રડો છો?”ગોપાલે મમ્મી તરફ જોયું. તે ઊભો થયો અને મમ્મીના પગ પાસે બેસી ગયો. મમ્મીના આંસુ લૂંછતાં કહ્યું, “મમ્મી રડીશ નહીં.”આટલું બોલતાં બોલતાં ગોપાલ પણ પોતાના આંસુ રોકી શક્યો નહીં. મમ્મીએ તેનું માથું ખોળામાં લીધું. મમ્મી અને ગોપાલ એક સાથે ખૂબ રડ્યાં. ઘરમાં માહોલ જ એવો ઊભો થયો



પ્રશાંત દયાળ

હતો ક, રાકેશનું પણ હૈયું ભરાઈ આવ્યું. તેની આંખો પણ ભીની થઈ ગઈ. તેને લાગ્યું કે, મમ્મી અને ગોપાલ રડી લે તો સારું. થોડીવાર પછી રાકેશ ઊભો થયો અને પાણીના ગ્લાસ લઈ મમ્મી અને ગોપાલને આપ્યા. બંનેએ એકએક ઘુંટડો પાણી પીને ગ્લાસ બાજુ પર મૂક્યા. મમ્મી વારેઘડીએ ગોપાલનાં માથા પર હાથ ફેરવી રહી હતી. તેને સમજાતું નહોતું કે, કયા શબ્દોમાં તે પોતાના ગોપાલને સમજાવે? બીજી બાજુ ગોપાલને લાગી રહ્યું હતું કે, તેની મમ્મી એકલી પડી ગઈ છે. પહેલાં તો પપ્પા કામે જાય ત્યારે નિશી મમ્મી સાથે ઘરે રહેતી. હવે તો ઘરે મમ્મી એકલી જ રહેતી હશે. મમ્મી આખો દિવસ શું કરતી હશે? કદાચ એકલી એકલી રડી લેતી હશે.ગોપાલ ઊભો થયો અને બાથરૂમમાં જઈને મોઢું ધોઈ આવ્યો. પાછો મમ્મી પાસે આવ્યો અને મમ્મીના પગમાં બેસતાં કહ્યું, “મમ્મી, ચિંતા કરીશ નહીં. હું આવી ગયો છું. કદાચ નિશીનું આપણી સાથેનું ઋણાનુબંધન આટલું જ હશે, જે હવે પૂરું થયું છે.”મમ્મીને છાની રાખવા જતાં ગોપાલને પણ ડુમો ભરાઈ ગયો. એની આંખ ફરી ભરાઈ આવી. મમ્મી ગોપાલનાં માથા પર હાથ ફેરવી રહી હતી અને ગોપાલ મમ્મીનાં માથા પર. કોણ કોને આશ્વાસન આપી રહ્યું છે, તેની જ ખબર પડતી નહોતી.મમ્મી ઊભી થઈ. તેણે કહ્યું, “રસોઈ તૈયાર જ છે. થોડી વધારે બનાવી દઉં તમે બંને જમી લો.”તેમ કહી મમ્મી રડોસામાં ગઈ. કદાચ મમ્મી ગોપાલ સામે બેસવા માગતી નહોતી. ગોપાલ પાછો ખુરશીમાં જઈને બેઠો. કંઈક વિચાર કર્યો અને રાકેશને કહ્યું, “તારો ફોન આપને.”રાકેશે ફોન આપ્યો. ગોપાલે ફોન જોડ્યો. થોડીક રિંગ પછી ફોન ઉપડ્યો એટલે તેણે કહ્યું, “હેલ્લો... રાકેશ નહીં, ગોપાલ બોલું છું.”પછી થોડી સેકન્ડ એકદમ શાંતિ છવાયેલી રહી. ગોપાલે કહ્યું, “રજા પર આવ્યો છું.”સામેથી માત્ર “હમ્મ.” એટલો જ ઉત્તર આવ્યો.ગોપાલે કહ્યું, “આપણે આજે મળીશું.”ફરી “હમ્મ.”ગોપાલે નિશીને ફોન કર્યો હતો. નિશી માટે આ પ્રકારે ગોપાલનો ફોન આવવો અનઅપેક્ષિત હતું. અચાનક ફોન આવતાં એ કંઈ બોલી શકી નહીં. ગોપાલ તરત રજા પર આવશે, તેવી તેને કલ્પના પણ નહોતી.ગોપાલે થોડો વિચાર કરીને કહ્યું, “આપણે જ્યાં મળતાં હતાં તે પરિમલ ગાર્ડનમાં.”નિશીએ હા પાડી. એક સમય એવો હતો કે, નિશી અને ગોપાલની વાતો ખૂટતી નહોતી; પણ આજે તેમની પાસે વાત કરવા જેવું કંઈ જ નહોતું. ગોપાલે કહ્યું, “મારે વેદાંતને પણ મળવું છે. એને પણ સાથે લેતી આવજે.”નિશીએ એમાં પણ ખાલી “હા” જ કહ્યું.ગોપાલે ફોન કટ કર્યો. ફોન રાકેશને પાછો આપ્યો. રાકેશ તેને જોઈ રહ્યો હતો. રાકેશ વિચારી રહ્યો હતો કે, ગોપાલ વેદાંતને શું કામ મળવા માગે છે? (ક્રમશ)

### વિંછીયામાંથી 3700 રોયલ સ્ટેગની બોટલો પકડી પાડતી એલસીબી

# બોલો લ્યો; 25 લાખનો દારૂ રેઢો મળી આવ્યો

## પોલીસને દારૂ મળી આવ્યો પણ બુટલેગર આઉટ ઓફ કવરેજ એરિયા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂની હેરાફેરી ચેનકેન પ્રકારે વધી રહી છે ત્યારે વિંછીયા પોલીસે થોડાં સમય પહેલા જ કરોડોનો દારૂ પકડ્યા બાદ વિંછિયા પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાંથી રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે રૂ. ૨૫.૬૦ લાખનો રેઢો દારૂનો જથ્થો ઝડપી લીધો છે.એલસીબીની ટીમે હિંગોળગઢથી ગુંદાળા તરફ જતા રસ્તે વીડી વિસ્તારમાં ૩,૭૩૨ બોટલ (૩૧૧ પેટી) દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.



જોકે પોલીસ પહોંચે તે પૂર્વે જ દારૂના જથ્થાની હેરફેર કરનાર શખસો અહીંથી નાસી ગયા હતા. પોલીસે હાલ રૂ.૨૫.૬૦ લાખનો દારૂનો આ જથ્થો કબજે કરી અહીં દારૂનો જથ્થો ઉતારનાર શખસોને શોધી કાઢવા તપાસ હાથ કરી છે. દરોડાની વિગતો મુજબ રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા જિલ્લામાં દારૂ- જુગારની પ્રવૃત્તિઓ શોધી કાઢી તેને નાબૂદ કરવા અસરકારક પગલા ભરવાની આપેલ સુચનાથી રૂરલ એલસીબી પીઆઇ જે.પી.રાવની રાહબરી હેઠળ ટીમ જસદણ પંથકમાં પેટ્રોલિંગમાં હતી.તે દરમિયાન બાતમી મળી હતી કે, હિંગોળગઢ પાસે દારૂનો મોટો જથ્થો ઉતારવામાં આવ્યો છે. જેથી પોલીસની ટીમ તાકીદે હિંગોળગઢથી ગુંદાળા તરફ જતા રસ્તે વીડી વિસ્તારમાં દરોડો પાડ્યો હતો.પોલીસના દરોડા દરમિયાન વીડી વિસ્તારમાં રૂ.૨૫,૬૦,૧૫૨ ની કિંમતનો ૩,૭૩૨ બોટલ દારૂનો જથ્થો રેઢીયાળ હાલતમાં મળી આવ્યો હતો. જેથી પોલીસે દારૂનો આ જથ્થો કબજે કરી દારૂનો જથ્થો અહીં ઉતારનાર અને દારૂની હેરફેરમાં સામેલ અન્ય શખ્સોને શોધી કાઢવા તપાસ હાથ ધરી છે. હાલ આ અંગે વીંછિયા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ગુજસીટોકના ગુનામાં પકડાયેલા ફિરોઝ સહિત પાંચ બુટલેગરના 9 દિ'ના રિમાન્ડ

### દારૂ સપ્લાય કરતા સાગ્રીતોનો જેલમાંથી કબ્જો લેતી ક્રાઇમ બ્રાન્ચ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં વિદેશી દારૂ સપ્લાય કરવાનું મસમોટું નેટવર્ક ચલાવતા નામચીન શખ્સો વિરૂદ્ધ પોલીસે ગાળિયો વધુ મજબૂત કર્યો છે. ગુજસીટોકના ગંભીર ગુનામાં સંડોવાયેલા મુખ્ય સૂત્રધાર ફિરોઝ મેણુ સંધી સહિતના પાંચેય આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ૨૨ દિવસના રિમાન્ડની માગણી સાથે અદાલતમાં રજૂ કર્યા હતા. અદાલતે બંને પક્ષોની દલીલો ધ્યાને લઇ પાંચેય આરોપીઓને ૯ દિવસના એટલે કે આગામી તા. ૨૩ને ગુરુવાર સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપવાનો આકરો હુકમ કર્યો છે. ક્રાઇમ બ્રાન્ચના એસીપી ભરત બસિયાએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રમાં વિદેશી દારૂનું નેટવર્ક ધરાવતી ફિરોઝ મેણુ સંધી આણી મંડળીના કુલ ૧૯ સભ્ય સામે ગુજસીટોક હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાંથી ૧૩ શખ્સની અગાઉ જ ધરપકડ કરી જેલહવાલે કરી દેવાયા હતા. જ્યારે આ ગુનાના મુખ્ય આરોપીઓ ફિરોઝ મેણુ સંધી, ધવલ સાવલિયા, હર્ષદ મહાજન, ઇમરાન ઉર્ફે બોબડો કાલવા અને યુસુફ ડાંગી અન્ય ગુનામાં જેલમાં બંધ હોય, ક્રાઇમ બ્રાન્ચે ટ્રાન્સફર વોરંટના આધારે તેમનો જેલમાંથી કબજો મેળવ્યો હતો. પોલીસે કોર્ટ સમક્ષ રિમાન્ડના મુદ્દા રજૂ કરતા જણાવ્યું હતું કે, આરોપીઓએ દારૂના ગેરકાયદે ધંધાથી ઊભા કરેલા સામ્રાજ્યની વિગતો ઓકાવવાની બાકી છે. આ કાળા કારોબારમાંથી ખરીદેલી કરોડો રૂપિયાની મિલકતોની માહિતી મેળવવા માટે આકરી પૂછપરછ જરૂરી છે. આગામી ૯ દિવસના રિમાન્ડ દરમિયાન આરોપીઓનો કાળો ચિઠ્ઠો શોધી કાઢી તમામ મિલકતો ટાંચમાં લેવા હોમ ડિપાર્ટમેન્ટને દરખાસ્ત કરાશે. આ ઉપરાંત, જે મિલકતો ગેરકાયદેસર માલૂમ પડશે તેનો રિપોર્ટ મહાનગરપાલિકાને સોંપી તેનું ડિમોલિશન કરવાની કડક કાર્યવાહી હાથ ધરાશે.

# મોરબી હાઈવે પર બાઈક અકસ્માતમાં યુવકનું મોત

### જસદણનો પરિવાર શોકમાં ગરકાવ થયો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ-મોરબી હાઇવે પર કોઠારીયા-આણંદપર (બાધી) વચ્ચેના રસ્તા પર સાંજે હાલ કોઠારીયા રહેતાં અને વાડી વાવતાં જસદણના દહીંસરાના ૨૧ વર્ષના યુવાનનું મૃત્યુ થયું છે. બાઇક હંકારીને વાડીએથી ગામમાં કોઇ ચીજવસ્તુ લેવા માટે જતો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. તેને ગંભીર ઇજા સાથે રાજકોટ ખસેડાયો હતો. પરંતુ જીવ બચી શક્યો નહોતો. જાણવા મળ્યા મુજબ કોઠારીયામાં વાડીમાં રહેતો હાર્દિકભાઇ મુકેશભાઇ માલકીયા (ઉ.વ.૨૧) નામનો યુવાન સાંજે પોતાનું બાઇક હંકારી વાડીએથી ગામમાં કોઇ ચીજવસ્તુ લેવા જવા નીકળ્યો ત્યારે કોઠારીયા-આણંદપર વચ્ચેના રસ્તા પર તેના બાઇકને અકસ્માત નડતાં તે રોડ પર ફેંકાઇ જતાં ગંભીર ઇજા થઇ હતી. કોઇએ બનાવની જાણ કરતાં હાર્દિકભાઇના પરિવારજનો અને બીજા લોકો દોડી ગયા હતાં અને તેને ગંભીર ઇજાઓ સાથે સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડયો હતો. પરંતુ અહિ મોડી રાતે તેનું મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં કુવાડવા રોડ પોલીસે ઘટના સ્થળે અને હોસ્પિટલે પહોંચી કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર હાર્દિકભાઇ બે ભાઇમાં મોટો અને અપરિણીત હતો. તે મુળ જસદણના દહીંસરાનો વતની હતો. તેના પરિવારે હજુ પંદરેક દિવસ પહેલા જ કોઠારીયામાં વાડી વાવવા રાખી હોઇ બધા અહિ રહેવા આવ્યા હતાં. સાંજે તે વાડીએથી ગામમાં જતો હતો ત્યારે અકસ્માત નડયો હતો.

# ખાંભાના નાની ધારી ગામ નજીક અંગત અદાવતમાં યુવકની હત્યા

**મોટરસાયકલને કાર ટક્કર મારી યુવકને તલવારના ઘા ઝીંકાયા....**

## અંગત અદાવતમાં જયરાજભાઈ ધાખડા નામના યુવકનું કરપીણ મોતઃ વચ્ચે પડેલા અન્ય એક યુવક પર હથીયાર વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત, ખાંભા પોલીસ મથકે ગુનો દાખલ

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા-ખાંભા**

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાની ધારી ગામ નજીક અંગત અદાવતમાં એક યુવકની કરપીણ હત્યા થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. જૂની વેરઝેરની અદાવત રાખીને સ્વીફ્ટ કારમાં આવેલા ચાર શખ્સોએ બાઈકને ટક્કર મારી યુવક પર તલવાર અને લોખંડની પાઈપ વડે ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ગંભીર ઈજાઓ થવાના કારણે એક યુવકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું જ્યારે તેને બચાવવા વચ્ચે પડેલા અન્ય એક યુવકને લોખંડની પાઈપ મારતા ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. ઘટના અંગે પ્રાપ્ત વિગત મુજબ, ફરિયાદી ગૌતમભાઈ વાળાએ ખાંભા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ ઈંગોરાળા ગામથી નાની





ધારી ગામ તરફ પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન તેમની આગળ જયરાજભાઈ ઉર્ફે લાલાભાઈ ગોદડભાઈ ધાખડા પોતાની મોટરસાયકલ પર શક્તિરાજભાઈને બેસાડીને જઈ રહ્યા હતા. આ સમયે પાછળથી પૂરપાટ ઝડપે આવેલી એક સ્વિફ્ટ ફોરવ્હીલ કારના ચાલકે જયરાજભાઈની બાઈકને જોરદાર ટક્કર મારી નીચે પાડી દીધા હતા.

બાઈક નીચે પડતાં જ સ્વીફ્ટ કારમાંથી ચાર શખ્સો હાથમાં ઘાતક હથિયારો સાથે નીચે ઉતર્યા હતા. આ શખ્સોએ અંગત અદાવતનો ખાર રાખીને જયરાજભાઈના માથાના ભાગે તલવારના જીવલેણ ઘા મારી દીધા હતા. આ દરમિયાન જયરાજભાઈને બચાવવા વચ્ચે પડેલા શક્તિરાજભાઈ ઉપર પણ હુમલાખોરોએ લોખંડની પાઈપ વડે હુમલો કરી ગંભીર માર માર્યો હતો. હુમલો કર્યા બાદ ચારેય આરોપીઓ પોતાની કાર લઈને ઘટના સ્થળેથી નાસી છૂટ્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા જયરાજભાઈ ધાખડાનું મોત નીપજ્યું હતું. જ્યારે ઈજાગ્રસ્ત શક્તિરાજભાઈને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. અને મૃતકની લાશને પીએમ અર્થે ખાંભા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે ખાંભા પોલીસે ફરિયાદી ગૌતમભાઈની ફરિયાદના આધારે ચારેય શખ્સો વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ હત્યા કેસની વધુ તપાસ ખાંભા પોલીસ સ્ટેશનના પીઆઈ કે.વી. ચુડાસમા ચલાવી રહ્યા છે અને આરોપીઓને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.





# પોરબંદરના 10 માસની બાળકીનું અપહરણ કેસમાં 4 આરોપી ઝડપાયા

**વેરાવળ પોલીસની ટીમે અપહૃત બાળકીને સુરક્ષિત છોડાવી પોરબંદર પોલીસને સોંપી**

## સીટી પોલીસની ટીમની સતર્ક કામગીરીના લીધે અપહરણના ગુનાનો ભેદ ગણતરીની કલાકોમાં ઉકેલયો

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ**

પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૦ મહિનાની બાળકીના અપહરણના ગંભીર ગુનાનો ભેદ વેરાવળ પોલીસની ટીમે ગણતરીની કલાકોમાં ઉકેલી ચાર આરોપીઓને ઝડપી પાડી અપહૃત બાળકીનો સુરક્ષિત બચાવ કર્યો છે. આરોપીઓ પાસેથી બાળકીને મુક્ત કરાવી પોરબંદર પોલીસને સોંપવામાં આવી હતી.જુનાગઢ રેન્જના આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમા, પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા તથા ડીવાયએસપી ચેતન ખટાણાના માર્ગદર્શન હેઠળ અપહરણ, પોક્સો અને અન્ય ગંભીર ગુનાઓમાં આરોપીઓને ઝડપવા વિશેષ સૂચના આપી હતી. જેમાં પોરબંદરના કેસમાં કમલાબાગ પોલીસ સ્ટેશનમાં બીએનએસ ની કલમ ૧૩૯(૧), ૩૦૯(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધાયો હતો. ફરિયાદી મનિષાબેન નિશાન ઉર્ફે વિશાલ લાલજીભાઈ સાદીયાની ૧૦ મહિના ૧૨ દિવસની પુત્રી ધ્રુવીનું આરોપીઓએ અપહરણ કરી લીધું હતું. ફરિયાદ મુજબ આરોપીઓ બાળકીને ભીખ મંગાવવાના ઈરાદે માતાના હાથમાંથી બળજબરીપૂર્વક ઝૂંટવી લીધેલ અને ફરિયાદીનો મોબાઈલ ફોન પણ લૂંટી ફરાર થઈ ગયા હતા.

આ ગંભીર બનાવની જાણ થતાં વેરાવળ સિટી પોલીસના પીઆઈ એમ.એ. ઝણકાતના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના સ્ટાફે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. પોરબંદર પોલીસ સાથે સતત સંકલન રાખી ટેક્નિકલ અને મેદાની તપાસના આધારે આરોપીઓના ઠેકાણા સુધી પહોંચી ગણતરીની કલાકોમાં ચારેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી અપહૃત બાળકીનો સુરક્ષિત બચાવ કરી પોરબંદર પોલીસને સોંપવામાં આવી હતી.

પકડાયેલા આરોપીઓમાં નરશી શીવાભાઈ ભાટી (ઉ.વ.૨૫), કિશન શીવાભાઈ ભાટી (ઉ.વ.૨૨), સોમાભાઈ મોતીભાઈ ભાટી (ઉ.વ.૩૫) અને સોનલબેન સોમાભાઈ ભાટી (ઉ.વ.૩૦)નો સમાવેશ થાય છે. ચારેય આરોપીઓ વેરાવળ બાયપાસ ખાતે સોલંકી ટાયરની સામે રહેતા હોવાનું પોલીસે જણાવ્યું છે. આ સમગ્ર કામગીરીમાં વેરાવળ સિટી પોલીસના આર.પી. ડોડીયા, કે.જે. પીઠીયા, દીપક અખીયા, વિનયસિંહ મોરી, મયુરસિંહ ગોહિલે મહત્વપૂર્ણ ફરજ બજાવી હતી. ગીર સોમનાથ પોલીસની ઝડપી અને અસરકારક કામગીરીને કારણે એક માસૂમ બાળકીનો સમયસર બચાવ શક્ય બન્યો છે.

# અષાઢી બીજ નિમિત્તે રાવળ સમાજે જગન્નાથ રથયાત્રાનું સ્વાગત કરી સરબત વિતરણ કર્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

અષાઢી બીજના પાવન પર્વે ભગવાન જગન્નાથ મહારાજ અને ચારણિયા સમાજના આરાધ્ય નાગબાઈ માતાજીની ભવ્ય રથયાત્રા રાજકોટમાં નીકળી હતી. આ પ્રસંગે સમસ્ત રાવળ સમાજ ચેરીટિબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા જિલ્લા પંચાયત ચોક ખાતે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથે જ મોટી સંખ્યામાં ભક્તો માટે પ્રસાદી સ્વરૂપે સરબતનું વિતરણ કરીને સેવાકીય કામગીરી કરવામાં આવી હતી.

આ પ્રસંગે સમસ્ત રાવળ સમાજ ચેરીટિબલ ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ બોરાણા, કોર્પોરેટર દર્શનભાઈ ભીલ, વોર્ડ ૭ના પ્રમુખ વિશાલભાઈ માંડલિયા, કેતનભાઈ જરીયા, દીપકભાઈ પારેખ, રાજુભાઈ બોરાણા, સુનિલભાઈ પેથાણી, લક્ષ્મણભાઈ પરમાર, ધર્મેશભાઈ સોઢા, અંકિતભાઈ બોડા, પ્રકાશભાઈ જોગેલા, અમુભાઈ સોઢા, ગિરીશભાઈ બોરાણા, અંકિતભાઈ ગોહેલ, બકુલભાઈ રાઠોડ, કિશનભાઈ બોરાણા, મુન્નાભાઈ ભોજક, સુનિલભાઈ બોરાણા, મનોજભાઈ મિયાત્રા, રાહુલભાઈ કેશુર સહિત રાવળ સમાજના અગ્રણીઓ અને સભ્યો ઉપસ્થિત રહી સેવાકાર્યમાં જોડાયા હતા.







# રાજકોટનો સ્વાદ દેશભરમાં છવાયો

# 'કૈલાશ પર્વત' બન્યુ ભારતનું નંબર-1 રેસ્ટોરન્ટ



**150 થી વધુ રેસ્ટોરન્ટને પાછળ છોડીને 'વેજિટેરિયન રેસ્ટોરન્ટ ઓફ ધ યર' નો ખિતાબ**

## રાજકોટનું નામ રાષ્ટ્રિય સ્તરે ચમક્યું : માત્ર ચાર મહિનામાં મેળવી અનોખી સિદ્ધિ

## રાજકોટના ધવલ અને મિત કારિયા એવોર્ડ મેળવી રાજકોટનું ગૌરવ વધાર્યુ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર કાર્યરત 'કૈલાશ પર્વત રાજકોટ'એ શરૂ થયાના માત્ર ૪ મહિનાના ટૂંકા ગાળામાં જ રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. મુંબઈ ખાતે યોજાયેલા 'રેસ્ટોરન્ટ એવોર્ડ્સ ૨૦૨૬ - વેસ્ટ ઈન્ડિયા એડિશન'માં કૈલાશ પર્વતને 'વેજિટેરિયન રેસ્ટોરન્ટ ઓફ ધ યર'નો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. આ સિદ્ધિ માત્ર રેસ્ટોરન્ટ માટે જ નહીં પરંતુ સમગ્ર રાજકોટ શહેર માટે ગૌરવની બાબત બની છે. આ સાથે રાજકોટનું નામ પશ્ચિમ ભારતના શ્રેષ્ઠ શાકાહારી રેસ્ટોરન્ટ્સમાં ગૌરવપૂર્વક નોંધાયું છે.

૮ જુલાઈ, ૨૦૨૬ના રોજ મુંબઈની જાણીતી 'ધ વેસ્ટિન મુંબઈ ગાર્ડન સિટી' હોટલમાં ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ્સનું આયોજન 'ફ્રેન્ચાઈઝ ઈન્ડિયા' અને 'રેસ્ટોરન્ટ ઈન્ડિયા.ઈન' દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. 'ફ્રેન્ચાઈઝ ઈન્ડિયા' દેશની અગ્રણી અને પ્રતિષ્ઠિત સંસ્થા તરીકે ઓળખાય છે, જે રેસ્ટોરન્ટ અને ફૂડ ઈન્ડસ્ટ્રીમાં ઉત્તમ કામગીરી માટે પ્રમાણિત એવોર્ડ્સ એનાયત કરે છે.

રાજકોટમાં શરૂ થયાના ટૂંકા સમયમાં જ કૈલાશ પર્વતે પશ્ચિમ ભારતના ૧૫૦થી







વધુ નોમિનેટ થયેલા રેસ્ટોરન્ટ્સ વચ્ચે પોતાની આગવી ઓળખ ઉભી કરી હતી. આ સ્પર્ધા અત્યંત કઠિન હતી, જેમાં અનેક જાણીતા અને પ્રતિષ્ઠિત પ્યોર વેજિટેરિયન રેસ્ટોરન્ટ્સ સામેલ હતા. ૪૦થી વધુ કેટેગરીમાં અપાયેલા એવોર્ડ્સમાંથી 'પ્યોર વેજિટેરિયન રેસ્ટોરન્ટ'નો એવોર્ડ કૈલાશ પર્વત રાજકોટને મળવો એ તેની ગુણવત્તા અને સેવાઓનું પ્રતિબિંબ છે. વિજેતા પસંદ કરવા માટે નિષ્ણાત જ્યુરીએ ઈન્ટિરિયર ડિઝાઈન, સર્વિસ ક્વોલિટી, ફૂડ પ્રેઝન્ટેશન તેમજ ગ્રાહકોના ઓનલાઈન પ્રતિભાવો સહિતના વિવિધ માપદંડોના આધારે મૂલ્યાંકન કર્યું હતું.

સમારોહમાં જાણીતા સેલિબ્રિટી શેફ સંજીવ કપૂર મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમણે વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. શિખા નાથ, સચિન મર્ચા, વિકી રત્નાની અને ગૌતમ આનંદ સહિતના અનુભવી અને નિષ્ણાત જ્યુરી સભ્યોએ તમામ પાસાઓની વિગતવાર ચકાસણી કર્યા બાદ કૈલાશ પર્વત રાજકોટને વિજેતા જાહેર કર્યું હતું.

આ ગૌરવપૂર્ણ એવોર્ડ સ્વીકારવા માટે રેસ્ટોરન્ટના માલિક મીત કારિયા ખાસ મુંબઈ ખાતે ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે આ સિદ્ધિને સમગ્ર ટીમના સંયુક્ત પ્રયત્નોનું પરિણામ ગણાવ્યું હતું. રાજકોટમાં મોટી સંખ્યામાં શાકાહારી લોકો વસવાટ કરતા હોવાથી આ એવોર્ડ શહેરના ખાદ્યપ્રેમીઓ માટે વિશેષ ગૌરવ અને આનંદની ક્ષણ બની છે.

# જૈન વિઝન દ્વારા ઉદ્ઘોષકો અને જનપ્રતિનિધિઓનું સન્માન

## 'સમાજના અવાજને સમાજની સલામ' કાર્યક્રમમાં ઉદ્ઘોષકો, જનપ્રતિનિધિઓ અને સેવાભાવીઓનું બહુમાન કરાયું

સિટી ન્યૂઝ@રાજકોટ

કોઈપણ કાર્યક્રમને સફળ બનાવવા ઉદ્ઘોષકની ભૂમિકા મહત્વપૂર્ણ રહેતી હોય છે. પોતાની વક્તૃત્વ કળા, સૂઝબૂઝ અને સંચાલન કૌશલ્યથી તેઓ સમગ્ર કાર્યક્રમને એકસૂત્રમાં બાંધી રાખતા હોય છે. આવી સેવાભાવી વ્યક્તિઓના સન્માન માટે રાજકોટમાં જૈન વિઝન પરિવાર દ્વારા "સમાજના અવાજને સમાજની સલામ" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૈન વિઝન પરિવારના આ કાર્યક્રમમાં સમાજસેવામાં કાર્યરત જનપ્રતિનિધિઓ, ઉદ્ઘોષકો તેમજ વિવિધ ક્ષેત્રના સેવાભાવીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ, રાજકીય આગેવાનો તથા વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રસંત નમ્રમુનિ મ.સા.ના આશીર્વચન પ્રાપ્ત થયા હતા, જ્યારે સંયોજક મિલન કોઠારીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.



કાર્યક્રમ દરમિયાન ધૈર્ય પારેખ, પરેશ ઠાકર, ઘનશ્યામ હેરભા, મનીષ ભટ્ટ તેમજ મયુર શાહ સહિતના આગેવાનોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ અનિષ વાઘર, હેમલ મહેતા, આશિષ શાહ, નિલેશ શાહ, ઉમેશ શેઠ, ડી.કે. કોઠારી, સંજય મહેતા, મેહુલ રવાણી, સુનિલ કોઠારી, તુષાર મહેતા, ગૌરવ દોશી, મનોજ ડેલીવાળા, વીણાબેન શેઠ, જયશ્રીબેન શાહ, વર્ષાબેન પારેખ, ભાવના દોશી તથા જલ્પા પતીરાનું ખેસ, મોમેન્ટો અને સ્મૃતિભેટથી બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં દર્શિતા શાહ, ચંદ્રકાન્ત શેઠ, ઇન્દુભાઈ બદાણી, જયેશ શાહ, અજીત જૈન, સુનિલ શાહ, દર્શન શાહ, પ્રવિણ કોઠારી, અશોક કોઠારી, પ્રફુલ ધામી, મહેશ મણિયાર, નીતિન દેસાઈ, શિરીષ બાટવીયા, કેતન શેઠ, પ્રતાપ વોરા, કમલેશ મોદી, રાજુ બાવીસી, ભરત દોશી, નિર્લોક પરમાર સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત સૌએ ઉદ્ઘોષકોના યોગદાનને બિરદાવી આ પ્રયાસને આવકાર્યો હતો.

બાલાજી થાળ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. કાર્યક્રમની તસવીરો જતીન કોઠારીએ કંડારી હતી. કાર્યક્રમની શરૂઆત અમિષાબેન દેસાઈએ નવકાર મંત્ર સાથે કરાવી હતી અને અંતમાં ગિરીશ મહેતાએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા હિતેશ દેસાઈ, કેતન સંઘવી, નીલ મહેતા, હિમાંશુ પારેખ, નિરવ મહેતા, જય મહેતા, તુષાર પતીરા, નીતિન મહેતા, દીપેશ મહેતા, દીપક વસા, ચેતન મહેતા, શૈલેષ મહેતા તેમજ મહિલા વિંગના સભ્યોએ જહેમત ઉઠાવી હતી, જ્યારે સંચાલન ઋષાલી સગાલાએ કર્યું હતું.

# અતુલ ઓટોના સ્થાપના દિવસે રક્તદાન કેમ્પનું આયોજન કરાશે

## 17 જુલાઈએ GCRIના કેન્સર દર્દીઓના લાભાર્થે કેમ્પ યોજાશે,રાજ્યમાં તમામ બ્લડ ગ્રુપની અછત વચ્ચે રક્તદાતાઓને બહોળી સંખ્યામાં જોડાવા અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ

અતુલ ઓટો લિમિટેડના ૩૫મા સ્થાપના દિવસ નિમિત્તે ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)ના જરૂરિયાતમંદ કેન્સર દર્દીઓના લાભાર્થે વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી યોજાનારો આ કેમ્પ અતુલ ઓટો લિમિટેડ, ભાયલા, અમદાવાદ-રાજકોટ હાઈવે ખાતે સવારે ૯:૩૦થી બપોરે ૨:૦૦ વાગ્યા સુધી યોજાશે, જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. આયોજકોના જણાવ્યા મુજબ ચોમાસાની ઋતુમાં રાજ્યની બ્લડ બેન્કોમાં તમામ બ્લડ ગ્રુપની




તાતી અછત સર્જાઈ છે, જેના કારણે દર્દીઓને સમયસર રક્ત ઉપલબ્ધ કરાવવામાં મુશ્કેલી ઉભી થાય છે. GCRIમાં ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના કેન્સરના દર્દીઓ નિશુલ્ક સારવાર માટે આવે છે, જેથી રક્તની સતત અને પૂરતી જરૂરિયાત રહેતી હોય છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ જણાવ્યું હતું કે એક વ્યક્તિના રક્તદાનથી ત્રણ વ્યક્તિને નવું જીવન મળી શકે છે, જે માનવ સેવા માટેનું ઉત્તમ કાર્ય છે. સ્વસ્થ વ્યક્તિએ દર ૩ મહિને નિયમિત રક્તદાન કરવું જોઈએ. શરીરમાંથી માત્ર ૩૫૦થી ૪૫૦ ml રક્ત લેવામાં આવે છે, જેનો જથ્થો ટૂંકા સમયમાં ફરીથી શરીરમાં તૈયાર થઈ જાય છે અને આરોગ્ય પર કોઈ નકારાત્મક અસર પડતી નથી. અતુલ ઓટો લિમિટેડ પરિવાર અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશને રક્તદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કેમ્પમાં જોડાઈ માનવજીંદગી બચાવવા અપીલ કરી છે. કેમ્પ અંગે વધુ માહિતી માટે 9904300228 અને 8081499968 પર સંપર્ક કરી શકાશે. ઉપરાંત રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન અથવા સેવાકીય કેમ્પના આયોજન અંગે 9428200660 પર સંપર્ક કરવા જણાવાયું છે.

# મેટોડા GIDCમાંથી એમપીના બે શ્રમિકો ગાંજા સાથે ઝડપાયા

સિટી ન્યૂઝ@રાજકોટ

મેટોડા જીઆઈડીસી ગેટ નં.૨ અને ૩ની વચ્ચે આવેલા એડવીક હાઈટેક નામના કારખાનાની ઓરડીમાં રહેતા બે શ્રમિકો શિવા બેલે અને અંકિત બેલેને એસઓજીએ ૫૯૭ ગ્રામ ગાંજાના જથ્થા સાથે ઝડપી લીધા હતા.

» વતનથી પીવા માટે લાવ્યાનું રટણ : 40 હજારનો મુદ્દામાલ કબજે

ગ્રામ્ય એસઓજી પીઆઈ એફ એ પારગી, પીએસઆઈ જી જે ઝાલા સહિતની ટીમે બાતમી આધારે દરોડો પાડયો હતો. ઓરડીમાં પ્લાસ્ટિકની થેલીમાંથી ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૨૯ હજાર અને બે મોબાઈલ ફોન મળી કુલ ૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો બંને આરોપીઓ મધ્યપ્રદેશના બેતુલ જીલ્લાના એકજ ગામના વતની છે. પીવા માટે વતનથી ગાંજો લઈ આવ્યાનું રટણ કરી રહ્યા છે. આ સ્થિતિમાં ખરેખર પીવા માટે લાવ્યા હતા કે વેચવા માટે તે સહિતના મુદ્દે એસઓજીએ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં વોલ્વો ડેપો રાત્રે 10 વાગ્યા સુધી ખુલ્લો રહ્યો

## રજૂઆત બાદ બસપોર્ટના વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમનો સમય વધ્યો, જવાબદારો સામે કાર્યવાહી કરવાની સામાજિક આગેવાને કરી માંગ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

સામાજિક આગેવાન ચંદ્રેશભાઈ રાઠોડે જણાવ્યું છે કે રાજકોટના ઢેબર રોડ સ્થિત એસ.ટી. બસપોર્ટ ખાતે લાંબા સમયથી વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમ નિયત સમય પહેલાં જ બંધ કરી દેવામાં આવતા મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. આ મુદ્દે વિભાગીય નિયામક એમ.પી. રાજનને લેખિત રજૂઆત કરવામાં આવી હતી તેમજ મુખ્યમંત્રી સહિત ઉચ્ચ કક્ષાએ પણ રજૂઆત મોકલવામાં આવી હતી.

ચંદ્રેશભાઈ રાઠોડના જણાવ્યા મુજબ રજૂઆત અને સ્થાનિક અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમ બુધવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યા સુધી ખુલ્લો રાખવામાં આવ્યો હતો, જેને સફળ રજૂઆતનો સકારાત્મક પડઘો ગણાવ્યો છે.તેમણે વધુમાં માંગ કરી છે કે મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને વોલ્વો વેઈટિંગ રૂમ અને એડવાન્સ બુકિંગ રૂમનો સમય રાત્રે ૨:૦૦ વાગ્યા સુધી વધારવામાં આવે તેમજ અગાઉના CCTV ફૂટેજની તપાસ કરીને જો કોઈ બેદરકારી થઈ હોય તો જવાબદારો સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવે.








# અષાઢી બીજના પાવન પર્વની શહેરીજનોને કોંગ્રેસ આગેવાનોની શુભેચ્છા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અષાઢી બીજના પાવન પર્વ નિમિત્તે રાજકોટ શહેર કોંગ્રેસના મહામંત્રી અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણી તથા શહેર કોંગ્રેસના પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાએ સમગ્ર ગુજરાત અને રાજકોટની ધર્મપ્રિય જનતાને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. શુભેચ્છા સંદેશમાં જણાવાયું છે કે અષાઢી બીજના દિવસે સમગ્ર રાજ્યમાં ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની ભવ્ય રથયાત્રાઓ શ્રદ્ધા અને ઉત્સાહ સાથે યોજાય છે. લાખો શ્રદ્ધાળુઓ 'જય જગન્નાથ', 'જય રણછોડ માખણ ચોર' અને 'હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી'ના જયઘોષ સાથે રથયાત્રામાં જોડાઈને ધાર્મિક આસ્થાની અભિવ્યક્તિ કરે છે. કોંગ્રેસ આગેવાનોએ ભગવાન જગન્નાથને પ્રાર્થના કરી હતી કે રાજ્યમાં શાંતિ, સલામતી અને ભાઈચારાની ભાવના સતત જળવાઈ રહે તેમજ તમામ નાગરિકોના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને ખુશહાલી આવે.

# ઉગતાપોર મેલડીમાં વ્યસનમુક્તિ સંકલ્પ સાથે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

## હર્ષ સંઘવી અને કેસરીદેવસિંહ ઝાલાએ ફોનથી શુભેચ્છા પાઠવી, મોટી સંખ્યામાં લોકોએ વ્યસનમુક્તિના શપથ લઈને સંકલ્પ કર્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અષાઢી બીજના પાવન અવસરે ઉગતાપોર સ્થિત મેલડી માં ધામે ક્ષત્રિય અગ્રણી કિશોરસિંહ જાડેજા અને ઓમ સત્ય સનાતન ગ્રુપના આયોજન હેઠળ વ્યસનમુક્તિ કાર્યક્રમ તથા રામદેવપીરના જીવનચરિત્ર પર આધારિત ભવ્ય રામામંડળનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક અને સામાજિક કાર્યક્રમમાં મહંત વિજયબાપુના પવિત્ર સાનિધ્યમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને નાગરિકોએ હાજરી આપી હતી અને વ્યસનમુક્તિના શપથ લઈને સમાજને નશામુક્ત બનાવવાનો દૃઢ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

કાર્યક્રમ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી તથા રાજ્યસભાના સાંસદ કેસરીદેવસિંહ ઝાલાએ ફોન દ્વારા શુભેચ્છા પાઠવી હતી અને આ પ્રકારના લોકહિતના સામાજિક કાર્યને બિરદાવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન રામદેવપીરના જીવનપ્રસંગોની ભાવસભર અને પ્રેરણાદાયક રજૂઆત કરવામાં આવી હતી, જ્યારે સંગીતકાર મિહિર ઝાલા અને તેમની ટીમના ભક્તિ સંગીત સાથે ભક્તોએ ઉત્સાહભેર રાસની રમઝટ માણી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.







આ પ્રસંગે ડેપ્યુટી મેયર દક્ષા વસાણી, કોર્પોરેટર પરેશ ઠાકર, કોર્પોરેટર સેજલ ચૌધરી, પૂર્વ કોર્પોરેટર દુર્ગાબા જાડેજા, પી.ટી. જાડેજા સહિત અનેક સામાજિક, ધાર્મિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ વ્યસનથી દૂર રહેવા ઉપરાંત પોતાના પરિવાર અને સમાજમાં પણ વ્યસનમુક્તિનો સંદેશ ફેલાવવાનો સંકલ્પ લીધો હતો.

આયોજનને સફળ બનાવવા કિશોરસિંહ જાડેજા, સૌમ્યરાજસિંહ જાડેજા, દક્ષાબા જાડેજા, વિજયબાપુ, કૌશિક પૂજારી, રાજુ પ્રજાપતિ, અંકિત અજાણી, ભાવેશ લીંબસિયા, વિમલ લીંબસિયા, પ્રકાશભાઈ, મિહિર ઝાલા, ઓમ સત્ય સનાતન ગ્રુપના સભ્યો અને અન્ય કાર્યકરોએ વિશેષ જહેમત ઉઠાવી હતી અને કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.






# શહેરના ભક્તિનગર સ્ટેશને સર્જનાત્મક સ્પર્ધાઓમાં 750 વિદ્યાર્થીઓ જોડાયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અમૃત ભારત સ્ટેશન યોજના (ABSS) હેઠળ પુનર્વિકસિત ભક્તિનગર રેલવે સ્ટેશનના ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનારા ઉદ્ઘાટન સમારોહના ઉપલક્ષ્યમાં વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, જનજાગૃતિ અને રાષ્ટ્ર નિર્માણ પ્રત્યે સકારાત્મક વિચાર વિકસાવવાના હેતુથી ૧૨થી ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ચિત્રકલા, નિબંધ લેખન અને 'સેલ્ફી વિથ સ્ટેશન' સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિબંધ લેખન સ્પર્ધાનો વિષય "મારા શહેરનું વિકસિત સ્ટેશન કેવું હશે?" જ્યારે ચિત્રકલા સ્પર્ધાનો વિષય "વિકસિત ભારતના નિર્માણમાં હું શું યોગદાન આપીશ?" રાખવામાં આવ્યો હતો. કાર્યક્રમનું આયોજન રાજકોટ રેલવે ડિવિઝનના વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ કલ્યાણ નિરીક્ષકોની ટીમે કર્યું હતું.

રાજકોટ ડિવિઝનના જણાવ્યા મુજબ ભક્તિનગર-રાજકોટ વિસ્તારની ૧૧ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આશરે ૭૫૦ વિદ્યાર્થીઓએ સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ ચિત્રો, પોસ્ટરો અને નિબંધોના માધ્યમથી વિકસિત ભારતની પરિકલ્પના, સ્વચ્છતા, પર્યાવરણ સંરક્ષણ તેમજ ભારતીય રેલવેના વિકાસ અને આધુનિકીકરણ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. 'સેલ્ફી વિથ સ્ટેશન' સ્પર્ધા અંતર્ગત વિદ્યાર્થીઓએ પુનર્વિકસિત ભક્તિનગર રેલવે સ્ટેશનના આકર્ષક ભવન સાથે વ્યક્તિગત અને સામૂહિક તસવીરો ખેંચાવીને આ ઐતિહાસિક ક્ષણને યાદગાર બનાવી હતી.

**અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત 11 શાળાઓના વિદ્યાર્થીઓએ ચિત્રકલા, નિબંધ લેખન અને 'સેલ્ફી વિથ સ્ટેશન' સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો**

સ્પર્ધાઓનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં અમૃત ભારત સ્ટેશન યોજના અને રેલવેના આધુનિકીકરણ અંગે જાગૃતિ કેળવવાનો હતો.વિવિધ સ્પર્ધાઓમાં પસંદ થયેલા આશરે ૯૦ વિજેતા વિદ્યાર્થીઓ અને તેમના શિક્ષકોને ૧૭ જુલાઈ, ૨૦૨૬ના રોજ યોજાનારા ઉદ્ઘાટન સમારોહમાં પ્રશસ્તિપત્ર અને સ્મૃતિચિહ્ન એનાયત કરીને સન્માનિત કરવામાં આવશે. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને કાર્યક્રમની સફળતામાં તમામ શાળાઓના આચાર્યો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહયોગની પ્રશંસા કરી હતી તેમજ ભવિષ્યમાં પણ આવા સર્જનાત્મક અને જનજાગૃતિના કાર્યક્રમોમાં સક્રિય રીતે જોડાવા માટે અપીલ કરી હતી.

# અષાઢી બીજે ઉદય કાનગડે શહેરીજનોને શુભેચ્છા પાઠવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડે અષાઢી બીજ અને કચ્છી સમાજના નવા વર્ષ નિમિત્તે શહેરીજનોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં અષાઢી બીજનું વિશેષ ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ છે. ભગવાન જગન્નાથ, બળભદ્ર અને સુભદ્રાની રથયાત્રા શ્રદ્ધા, સમર્પણ અને લોકઆસ્થાનું જીવંત પ્રતીક છે, જેમાં લાખો શ્રદ્ધાળુઓ ભક્તિભાવ સાથે જોડાય છે. તેમણે જણાવ્યું કે અષાઢી બીજ માત્ર ધાર્મિક પર્વ નથી, પરંતુ પ્રકૃતિ સાથે સંવાદ, પર્યાવરણનું જતન, પાણીના સંરક્ષણ અને સમાજમાં એકતા, ભાઈચારો તથા સહયોગનો સંદેશ આપતું પર્વ છે. ભગવાન જગન્નાથની રથયાત્રા સમાજમાં સમરસતા, સેવા અને સદાચારની ભાવનાને વધુ મજબૂત બનાવે છે. ઉદય કાનગડે જણાવ્યું કે એવી માન્યતા છે કે જે ભક્ત ભગવાનના રથનું દોરડું ખેંચે છે, ભગવાન તેના જીવનરથનું દોરડું ખેંચે છે અને જીવનમાં સુખ, શાંતિ તથા સમૃદ્ધિના આશીર્વાદ આપે છે. અષાઢી બીજ ચોમાસાની શુભ શરૂઆતનું પણ પ્રતિક છે, જેથી ખેડૂતો નવા કૃષિ કાર્યનો પ્રારંભ કરીને સારા વરસાદ અને સમૃદ્ધ પાક માટે પ્રાર્થના કરે છે. અંતમાં તેમણે ભગવાન જગન્નાથજીને પ્રાર્થના કરી હતી કે અષાઢી બીજનું પવિત્ર પર્વ સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને ઉત્તમ આરોગ્ય લાવે તેમજ રાજ્યમાં એકતા, સૌહાર્દ અને ભાઈચારાની ભાવના અખંડિત રહે.



# રાજકોટની U-17 ફૂટબોલ ટીમ ગોધરા ટુર્નામેન્ટ માટે જાહેર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

» **૨૦ જુલાઈથી શરૂ થનારી ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટમાં જામનગર, છોટા ઉદયપુર અને મહેસાણા સામે રાજકોટની પ્રારંભિક મેચો રમાશે**

ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન આયોજિત જુનિયર બોયઝ (U-૧૭) ઈન્ટર ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ ટુર્નામેન્ટ ૨૦થી ૨૮ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ગોધરા ખાતે યોજાશે. આ ટુર્નામેન્ટ માટે રાજકોટ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિએશને ૨૦ સભ્યોની ટીમ જાહેર કરી છે. ટીમના મેનેજર તરીકે દિપક યશવંતે અને કોચ તરીકે અમીત શિયાળીયાની નિમણૂક કરવામાં આવી છે. રાજકોટની ટીમ પોતાની પ્રથમ મેચ ૨૦ જુલાઈના રોજ જામનગર સામે સવારે ૯:૩૦ કલાકે રમશે. બીજી મેચ ૨૧ જુલાઈના રોજ છોટા ઉદયપુર સામે અને ત્રીજી મેચ ૨૨ જુલાઈના રોજ મહેસાણા સામે સવારે ૯:૩૦ કલાકે રમાશે. ત્યારબાદ ૨૬ જુલાઈના રોજ ક્વાર્ટર ફાઈનલ, ૨૭ જુલાઈના રોજ સેમી ફાઈનલ અને ૨૮ જુલાઈના રોજ ફાઈનલ મેચ યોજાશે. રાજન રૈયાણી, વૈદીક જાવિયા, હરીવંશ પટેલ, રામ ઓઝા, પ્રસન ધોળકિયા, સમર્થ ઠાકર, નિહાલ દિવેચા, રૂહાન રાઠોડ, માધવ બોરીચા, અમલ રૂદાતલા, નિત્યરાજસિંહ જાડેજા, અદ્વૈત પ્રદીપ, આયુષ નાયક, વૈદ્ય ચિત્રોડા, એડમ ગુસેન, અનિકેત ગુપ્તા, આર્યન પટેલ, કબીર ચૌહાણ, આદર્શ મિશ્રા અને આરવ જાગાણીની ટીમમાં પસંદગી કરવામાં આવી છે. ટીમને ગુણવંતરાય ડેલાવાળા, ડી. વી. મહેતા, બી. કે. જાડેજા, મુકેશ બુંદેલા, વિક્રમ તન્ના, રોહિત બુંદેલા સહિત એસોસિએશનના હોદ્દેદારો અને આગેવાનોએ શુભેચ્છા પાઠવી છે.





# રથયાત્રા પૂર્વે કોંગ્રેસે જગન્નાથજીના આશીર્વાદ મેળવ્યા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

ભગવાન શ્રી જગન્નાથજીની ઐતિહાસિક ૧૪૯મી રથયાત્રા પૂર્વે પરંપરા મુજબ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાના નેતૃત્વમાં કોંગ્રેસના હોદ્દેદારો, ધારાસભ્યો, આગેવાનો અને કાર્યકરોએ જમાલપુર સ્થિત જગન્નાથ મંદિરે ભગવાનના દર્શન કરી આરતી ઉતારી હતી. આ પ્રસંગે રાજ્યમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. રથોની પ્રતિષ્ઠા અને પૂજનવિધિ બાદ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે ભગવાન જગન્નાથજીની નગરચર્યાની રથયાત્રા સૌ માટે આસ્થા અને એકતાનું પ્રતિક છે. કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોએ "જય જગન્નાથ", "જય રણછોડ માખણ ચોર" અને "હાથી ઘોડા પાલખી, જય કનૈયાલાલ કી"ના જયઘોષ સાથે ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા. તેમણે જણાવ્યું કે રાજ્યના નાગરિકો મંદી, મોંઘવારી, બેરોજગારી તથા ખેડૂતો સામે ઊભી થયેલી મુશ્કેલીઓમાંથી મુક્તિ મેળવે અને રાજ્યમાં શાંતિ, સમૃદ્ધિ તથા સુખાકારી વધે તેવી ભગવાન જગન્નાથજીને પ્રાર્થના કરવામાં આવી છે. આ પ્રસંગે શક્તિસિંહ ગોહિલ, ઈમરાન ખેડાવાલા, દિનેશ ઠાકોર સહિત કોંગ્રેસના અનેક આગેવાનો, હોદ્દેદારો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

**અમિત ચાવડાના નેતૃત્વમાં આગેવાનોએ દર્શન–પૂજન કર્યું, રાજ્યમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ તેમજ મંદી, મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોની સમસ્યાઓ દૂર થાય તેવી પ્રાર્થના**




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SBI FUNDS MANAGEMENT | 14/7 | 16/7 | 545 - 574 | 26 | 14,924 |
| ALPINE TEXWORLD | 14/7 | 16/7 | 100 - 105 | 142 | 14,910 |
| CALIBER MINING & LOGISTICS | 17/7 | 21/7 | 402 - 424 | 35 | 14,840 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |
| GULF LLOYDS (INDIA) | 20/7 | 22/7 | 100 | 2400 | 2,40,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- UNION BANK OF INDIA દ્વારા ૧૫ JULY ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોખ્ખો નફો: સ્ટેન્ડઅલોન ૨૯.૫૭% વધીને RS ૫,૩૩૨.૩૦ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં RS ૪,૧૧૫.૫૩ CRORE હતો. ચોખ્ખી વ્યાજ આવક: ધિરાણમાંથી થતી મુખ્ય વ્યાજ આવક ૧૦.૧૫% વધીને RS ૧૦,૦૩૭.૩૦ CRORE પર પહોંચી છે. ઓપરેટિંગ પ્રોફિટ: ૧૫.૮૩% ના વધારા સાથે RS ૮,૦૦૩ CRORE થયો છે. કુલ આવક: સ્ટેન્ડઅલોન RS ૩૧,૮૦૬.૨૦ CRORE રહી છે.
- HDFC LIFE INSURANCE COMPANY દ્વારા ૧૫ JULY ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોખ્ખો નફો: RS ૬૧૧.૧૯ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ત્રિમાસિક ગાળામાં RS ૫૪૮.૩૫ CRORE હતો. ચોખ્ખી પ્રીમિયમ આવક: વાર્ષિક ધોરણે ૧૫.૦૫% ના ઉછાળા સાથે તે RS ૧૬,૭૨૭.૬૩ CRORE પર પહોંચી છે. રોકાણમાંથી આવક: માર્કેટના પોઝિટિવ સેન્ટિમેન્ટને કારણે રોકાણની આવક વધીને RS ૧૬,૬૮૫.૪૮ CRORE નોંધાઈ છે. કુલ પ્રીમિયમ કલેક્શન: રિન્યુઅલ અને નવા બિઝનેસના કુલ પ્રીમિયમ કલેક્શન ૧૫% વધીને RS ૧૭,૧૬૬ CRORE થયું છે.
- HDFC ASSET MANAGEMENT COMPANY દ્વારા ૧૫ JULY ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોખ્ખો નફો: કોન્સોલિડેટેડ ૧૨% વધીને RS ૮૩૭ CRORE થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં RS ૭૪૮ CRORE હતો. ઓપરેશનલ આવક: ૧૩.૬% ના ઉછાળા સાથે RS ૧,૧૦૦ CRORE પર પહોંચી ગઈ છે, જે ગયા વર્ષે RS ૯૬૮ CRORE હતી. કુલ આવક: ૧,૩૬૧.૧૦ CRORE નોંધાઈ છે. ઓપરેટિંગ નફો: ૧૦% વધીને RS ૮૨૭.૬ CRORE થયો છે.
- JANA SMALL FINANCE BANK દ્વારા ૧૫ JULY ૨૦૨૬ ના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા નાણાકીય પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. ચોખ્ખો નફો: ૫૨.૩% વધીને RS ૧૫૫ CRORE પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં RS ૧૦૨ CRORE હતો. ચોખ્ખી વ્યાજ આવક: ધિરાણમાંથી થતી મુખ્ય વ્યાજ આવક ૩૩.૪% ના મજબૂત વધારા સાથે RS ૭૮૨ CRORE થઈ છે, જે ગયા વર્ષે RS ૫૮૬ CRORE હતી. કુલ આવક: જૂન ક્વાર્ટરમાં બેંકની કુલ આવક વધીને RS ૧,૭૪૧ CRORE નોંધાઈ છે. ઓપરેટિંગ નફો: બેંકનો ઓપરેટિંગ પ્રોફિટ ૧૮.૪% વધીને RS ૧,૦૦૯ CRORE થયો છે.
- કેઈસી ઈન્ટરનેશનલ લિ.એ જણાવ્યું છે કે કંપનીને રૂ.૧,૧૮૦ કરોડના ઓર્ડર મળ્યા છે
- એડમેક સિસ્ટમ્સ લિ.એ જણાવ્યું છે કે કંપનીને નોન-ડેસ્ટ્રક્ટીવ ટેસ્ટિંગ મશીન સપ્લાય માટે રૂ.૨૯૫.૭૩ લાખનો ખરીદ ઓર્ડર મળ્યો છે.
- ટ્રેન્ટ લિ.ની ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે–વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

**લાઈટ** બંધ રહે છે?



**ગંદુ પાણી** આવે છે?



**રસ્તા** તૂટેલા છે?



**ગંદકી અને સફાઈની** સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – “સિટી ન્યૂઝ રાજકોટ” સુધી!

તમારી સમસ્યાનો **ફોટો / વિડિયો** મોકલો

અમે તેને સંબંધિત **અધિકારીઓ** સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – “સિટી ન્યૂઝ” હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:

**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**